# કૃત સંકલ્પ

Vol.15-16* Issue : 475, 20th January - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂ. - ૫.૦૦



## ભારતની વસ્તી ગણતરીને સ્થગિત કરવી દેશ માટે અત્યંત વિનાશક છે...

### સાહિત્ય-સંસ્કાર પ્રેમી : માધવસિંહ સોલંકી

### ગુજરાતનું પહેલું પ્રધાનમંડળ...

### બેંકોના થાપણદારોને કરોડો રૂપિયાનું વ્યાજમાં નુકસાન

“तुम मुझे खून दो, मैं तुम्हे आजादी दूंगा”

સ્વાતંત્ર્ય સેનાની,

આઝાદ હિન્દ ફોજના સંસ્થાપક

**નેતાજી સુભાષ ચંદ્ર બોઝ**ની

જન્મજયંતિ નિમિત્તે કોટી કોટી વંદન

## "જય હિન્દ"



**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**

**સંપાદક અને પ્રકાશક**

હસમુખ પટેલ

**સહ સંપાદક**

ડો. મનિષ દોશી

વિજય દવે

RNI No. : 70957/1998

L-5/131/GAMC/1720/2021-23

**વર્ષ : ૧૫-૧૬**

**સળંગ અંક : ૪૭૫**

**20, January - 2023**

**રજિ. કાર્યાલય**

**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**

મંગલપ્રભાત બિલ્ડિંગ,

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,

**અમદાવાદ**

E-mail : krutsankalp2015@gmail.com

**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**

વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,

આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**સૌ** પ્રથમ તો તમામ દેશવાસીઓને ૨૬ જાન્યુઆરીએ દેશના ૭૪મા પ્રજાસત્તાક દિનની અંતરમનની શુભકામનાઓ. પ્રજાસત્તાક પર્વ એ સંવૈધાનિક મૂલ્યોનાં જતન પ્રત્યે આપણી પ્રતિબદ્ધતાને દોહરાવવાનો દિવસ છે. જોકે સખેદ જણાવવું પડે છે કે, આજે ભાજપનાં શાસનમાં સંવૈધાનિક સિદ્ધાંતો, મૂલ્યો અને આદર્શોના સરેઆમ ધજાગરા ઊડી રહ્યાં છે. ભારતીય તંત્રમાં ભાજપનાં શાસન હેઠળ ન્યાય, સ્વતંત્રતા, સમતા, સમાનતા અને સુરક્ષાનું અવમૂલ્યન થઈ રહ્યું છે. ખાસ કરીને ગુજરાતમાં ભાજપના શાસનમાં અસામાજિક તત્ત્વો હવે બેફામ બન્યા છે. શાંત, સુરક્ષિત અને સલામત ગુજરાતના ભાજપના દાવા પોકળ સાબિત થયા છે. ગુજરાતમાં આજે કાયદો અને વ્યવસ્થાના લીરે લીરા ઊડી રહ્યાં છે.

તાજેતરમાં માત્ર ૨૪ કલાકમાં જ રાજ્યમાં ૧૧ લોકોની હત્યા થઈ ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની પોલ ઉઘાડી પડી ગઈ. ગુજરાતના ગૃહપ્રધાનના વતન સૂરતમાં એક જ દિવસમાં ત્રણ હત્યા થઈ હતી. બીજી બાજું ભાજપના રાજમાં ગુજરાતમાં વ્યાજખોરોનો ત્રાસ અનહદ વધી ગયો છે. વ્યાજખોરો સામે ગુજરાત સરકારનાં અભિયાનનું સુરસુરિયું થઈ ગયું છે. જ્યાં સુધી મોટા મગરમચ્છો પકડાશે નહીં ત્યાં સુધી કોઈ નક્કર પરિણામ નહીં આવે.

વ્યાજખોરીના વિષચક્રએ ગુજરાતમાં હજ્જારો પરિવારોનાં જીવન બરબાદ કરી નાખ્યાં છે. વ્યાજખોરોના ત્રાસથી અસંખ્ય લોકો આપઘાત કરી ચૂક્યા છે. કાયદો જ જ્યારે કડક નથી ત્યારે ગુજરાતના ગૃહપ્રધાન અને તેમની પોલીસ વ્યાજખોરો સામે શું ઉકાળવાની છે ? વ્યાજખોરો સામે પોલીસ અભિયાન એ કાયમી ઉકેલ નથી. જરૂર છે કડક કાનૂની જોગવાઈની. કાયદાકીય છટકબારીઓને લીધે મોટા ભાગના વ્યાજખોરો પોલીસ મથકમાંથી જ છૂટી જાય છે અને બેરોકટોક ફરી રહ્યા છે. સરકારની ઝુંબેશ એ માત્ર એક રાજકીય દેખાડો, એક રાજકીય નાટક અને એક રાજકીય તર્કટ છે.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિકારી સેનાની અને આઝાદ હિંદ ફોજના સંસ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝની ૨૩, જાન્યુઆરીએ જન્મ જયંતિ નિમિત્તે તેમને કોટી કોટી વંદન સાથે જયહિન્દ. દેશ અને દુનિયાને સત્ય અને અહિંસાનો સંદેશ આપનારા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૩૦, જાન્યુઆરીએ નિર્વાણદિને શત્ શત્ નમન સાથે શ્રદ્ધાસુમન.

જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**

પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**



परीक्षा से पहले पर्चा लीक हो जा रहा है...हवा में पुल ढनमना जा रहा है...आग लगे पर दमकल हांफे लग रहा है...एगो बिहारे है जे में अइसा-अइसा बहार है...
तो हम क्या खाली बैठे हैं? जांच का निर्देश देते-देते हमारा भी तो सांस फुला हुआ है...
पवन


न रामू जी न, मुझे तो थोड़ी सी ऑक्सीजन भरवा दो
मन की बात
© काजलकुमार


मुझे 24 घंटे के लिए सीबीआई-ईडी दे दिया जाए तो आधी बीजेपी जेल में होगी-केजरीवाल
जेल में जैन जी वाली सुविधा मिलेगी या नहीं?
तिहाड़ से सत्येन्द्र जैन का दूसरा वीडियो वायरल
पवन


EWS फ्लैट
झुग्गी
गरीब के सपनों का सम्मान हुआ जहाँ थी झुग्गी वहां मकान हुआ


किसी बैंक से मोटा सा लोन ले ले, बिदेस जाने का योग बन ही जाएगा
© काजलकुमार


ગુજરાત વિદ્યાપીઠ
1920
2023
મૂળ પક્ષ
'દેવંપક્ષ

# સાહિત્ય-સંસ્કાર પ્રેમી : માધવસિંહ સોલંકી

**માધવસિંહે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે ઝીણાભાઈ દરજીને મૂક્યા હતા, તેમણે કહ્યું હતું કે, ''રાજ્યના ૭૨% લોકો ગરીબો, અશિક્ષિતો અને વંચિતો છે, શું તેમના ઉત્થાન માટે ન્યાય ન મળવો જોઇએ ? આવા લોકોનો વિકાસ નહીં થાય ત્યાં સુધી લોકશાહી અધૂરી છે.''**

**પ્રખર** જ્ઞાની, હસમુખો ચહેરો, દરેકને સાથે રાખવાની આવડત, વાંચવાના શોખીન, સંગીતપ્રેમી, મૃદુભાષી, સૌમ્ય શિષ્ટાચાર ધરાવનારા માધવસિંહ સોલંકી ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમનો જન્મ ભરૂચના પિલુદરા ગામમાં ૩૦ જુલાઈ-૧૯૨૭ના રોજ થયો હતો. તેમનું મૃત્યુ ૯, જાન્યુઆરી-૨૦૨૧ના રોજ થયું હતું. તેઓ ૯૩ વર્ષ જીવ્યા. તેઓ ચાર વખત ગુજરાતના મુખ્યપ્રધાન બન્યા અને કેન્દ્ર સરકારમાં રાજીવ ગાંધી તેમજ નરસિંહરાવની સરકારમાં વિદેશપ્રધાન પણ બન્યા. તેઓ નેહરુ-ગાંધી કુટુંબના વફાદાર કોંગ્રેસી હતા. ઈન્દિરા ગાંધીના સમયથી ગુજરાત રાજ્યમાં ઘણાં શક્તિશાળી રાજકારણી અને માસ લીડર હતા.



ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે તેમણે સાંસ્કૃતિક બાબતો, લિટરેચર, થિયેટર અને સિનેમા ઉદ્યોગોને વિકસાવવા માટે ખાસ રસ લીધો હતો. તેમના સમયે ગુજરાતમાં ત્રણ ફિલ્મી સ્ટુડિયોની સ્થાપના પણ થઈ હતી અને ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ આપવામાં આવી હતી. તેમના મિત્રમંડળમાં શ્રેષ્ઠ-સુવિખ્યાત વકીલો, થિયેટર અને સિનેમાના કલાકારો, આર્ટિસ્ટ, ડિરેક્ટરો, લેખકો રહેતા હતા. તેઓ કલાના અને લિટરેચર તથા ચલચિત્ર ઉદ્યોગના મર્મજ્ઞ અને જાણકાર હતા.

માધવસિંહ સોલંકી ગુજરાતના એક ટોચના રાજપુરુષ હોવા સાથે એક સાહિત્ય-સંસ્કારપ્રેમી વ્યક્તિ તરીકે જાણીતા છે. તેમનો વાંચન શોખ અને દેશ-દુનિયાની ઉત્તમ સાહિત્ય કૃતિઓ તેમજ અન્ય સાહિત્ય સર્જન માણવાનો સ્વભાવ, તેમનાં નિકટનાં વર્તુળોમાં ખૂબ જાણીતો છે. આવા માધવસિંહભાઈએ 'ગુજરાત સમાચાર'માં છપાયેલા એક લેખથી પ્રભાવિત થઈ તેના લેખક અંગે જાણવાનો પ્રયત્ન કર્યો અને તેમાંથી શરૂ થયો ભૂપતભાઈ વડોદરિયાના જીવનનો એક નવો વળાંક. તેમના જીવનમાં નિર્ણાયક લાવનારી આ ઘટના અંગે ભૂપતભાઈએ કહ્યું હતું કે, ''મારો એક લેખ 'ગુજરાત સમાચાર'માં છપાયેલો તેમાં મારું નામ નહીં. બપોરે પ્રેસ પર ગયો ત્યારે શાંતિલાલ શાહે મને જણાવ્યું હતું કે, તમારો લેખ માધવસિંહને ખૂબ ગમ્યો છે અને તેઓ તમને મળવા માગે છે. તેમણે મને મળવાની ઇચ્છા વ્યક્ત કરેલી, જે માલિકોએ મને કહી.'' બન્યું હતું એવું કે, લેખ વાંચ્યા પછી માધવસિંહે ગુજરાત સમાચારમાં ફોન કરીને તેમના લેખ વિશે પૃચ્છા કરી હતી તે સમયે માધવસિંહ

ગુજરાત કોંગ્રેસમાં ટોચના સ્થાને હતા. ભૂપતભાઈની મુલાકાતમાં માધવસિંહભાઈના ખાસ નિકટના એવા વિખ્યાત ગઝલકાર શેખાદમ આબુવાલા પણ નિમિત્ત બન્યા. માધવસિંહને ભૂપતભાઈ માત્ર અભ્યાસુ કે સાહિત્યકાર જ નહીં, ચિંતન કરનારી વ્યક્તિ પણ છે તેમ લાગ્યું. જ્યારે સરકાર બની ત્યારે ભૂપતભાઈને માહિતી નિયામકની જવાબદારી સોંપી. આ ઉપરાંત તેઓ ''ગુજરાત સાપ્તાહિકના તંત્રી પણ બન્યા''. તેમના અંતરંગ વર્તુળમાં મહંમદ માંકડ, અમૃત ઘાયલ, ભૂપત વડોદરિયા, શેખાદમ આબુવાલા, પ્રો.કે.એસ. શાસ્ત્રી, પ્રો. નરહરિ પરીખ જેવા મહાનુભાવોનો સમાવેશ હતો. પ્રો. નરહરિ પરીખને એસ.ટી. બોર્ડના ચેરમેનપદે નીમેલા.

માધવસિંહે ૧૯૩૦ની દાંડીયાત્રાને ત્રણ વર્ષની વયે વડીલો સાથે જોયેલી. ૧૯૪૨માં ૧૫ વર્ષની ઉંમરે હિન્દ છોડોની ચળવળમાં તેમણે માધ્યમિક શિક્ષણનો બહિષ્કાર કરીને ભાગ લીધો હતો. તેમણે અર્થશાસ્ત્ર-રાજ્યશાસ્ત્ર સાથે બી.એ. તેમજ એલએલ.બી. કર્યું હતું. તેઓએ તેમની કરિયર જર્નલિસ્ટ તરીકે શરૂ કરી હતી. ગુજરાત સમાચારમાં ઈન્દુલાલ યાજ્ઞિકની ભલામણથી તેઓ પત્રકાર તરીકે જોડાયા હતા. તેઓએ ૧૯૫૭માં બૃહદ મુંબઈ રાજ્યની વિધાનસભામાં પ્રવેશ કર્યો. તત્કાલીન બોમ્બે રાજ્યમાં ધારાસભ્ય બન્યા. તે સમયે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય જૂદા બન્યા ન હતા. તેઓ ૧૯૬૦-૬૭ ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય બન્યા.

જમીન, ખેતી, ખેડૂત અને ખેતમજદૂર તેમના પ્રિય વિષયો રહ્યાં હતાં. સ્વ.જીવરાજ મહેતાનાં દ્વિતીય પ્રધાન મંડળમાં તેઓને નાયબ મંત્રીપદ મળ્યું. તેમાં તેમણે મહેસૂલ વિભાગ સંભાળ્યો. સ્વ. બળવંતરાય મહેતા અને સ્વ.હિતેન્દ્ર દેસાઈની કેબિનેટમાં પણ તેઓ નાયબ મહેસૂલ પ્રધાન રહ્યા હતા. ઘનશ્યામ ઓઝાના પ્રધાનમંડળમાં તેમનો પ્રથમવાર તા.૨૧-૧-૧૯૭૩થી કેબિનેટ કક્ષાના મહેસૂલ પ્રધાન તરીકે સમાવેશ થયો હતો.

૧૯૭૫માં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા. ત્યારબાદ તેઓ ૧૯૭૬માં પહેલીવાર ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન બન્યા, જે ૧૯૭૭ સુધી રહ્યા. ૧૯૮૦માં તેઓ ફરી મુખ્યપ્રધાન બન્યા. રાજ્યમાં તેમની ખામ થિયરીની સોશિયલ એન્જિનિયરિંગ સફળ રહી. ૧૯૮૫માં મુખ્યપ્રધાન બન્યા બાદ ઓબીસી આરક્ષણને મંજૂરી આપ્યા પછી આંદોલન ચાલતાં તેમને રાજીનામું આપવું પડ્યું હતું. ૧૯૮૫માં તેમની આગેવાની હેઠળ કોંગ્રેસને ૧૮૨માંથી ૧૪૯ બેઠકો મળી હતી. ચોથીવાર તેઓ ડિસેમ્બર ૧૯૮૯થી મે-૧૯૯૦ સુધી મુખ્યપ્રધાન રહ્યા. આમ તેઓ ૧૯૭૬થી ૧૯૯૦ સુધી ચાર વખત મુખ્યપ્રધાન બન્યા. તેઓ બે વખત રાજ્યસભામાં ચૂંટાયા. તેઓ રાજીવ ગાંધી અને પી.વી. નરસિંહરાવની સરકારમાં પ્રધાન બન્યા.

તેમના પ્રધાનમંડળમાં ખૂબ જ ભણેલા અને વિવિધ વિષયોના નિષ્ણાત તથા જૂદાં જૂદાં ક્ષેત્રોમાંથી, નાણાંકીય, એન્જિનિયરિંગ, સામાજિક કાર્યો, કાયદા નિષ્ણાતો તેમજ મજદૂર યુનિયનના નેતાઓ સામેલ હતા. આ ઉપરાંત રાજ્યના જૂદાં જૂદાં બોર્ડ અને કોર્પોરેશન માટે તેઓ સમાજના જૂદાં જૂદાં ક્ષેત્રની નિષ્ણાત વ્યક્તિઓને બોલાવીને તેમને જવાબદારી સોંપતા.

માધવસિંહે શ્રીમતી ઈન્દિરા ગાંધીના નજીકના વર્તુળોમાં પોતાનું સ્થાન દઢ કરી લીધું હતું. ૧૯૮૦માં ગુજરાતમાં પણ દેશની જેમ જનતા પાર્ટીના વળતાં પાણી નજરે પડ્યા હતા. તેથી એવી હવા બંધાઈ હતી કે ૮૦ની ચૂંટણી બાદ ગુજરાતમાં ફરી કોંગ્રેસ સત્તા પર આવશે. તેમાં વળી લોકશાહી મધ્યસત્ર ચૂંટણીમાં શ્રીમતી ગાંધી ભારે વિજય મેળવી ૧૯૮૦માં વડા પ્રધાન બનતાં ગુજરાતમાં ફરી સત્તા આવવાના સંજોગો કોંગ્રેસ માટે ખૂબ જ ઉજ્જવળ દેખાતા હતા. એ પણ સ્પષ્ટ હતું કે જો સત્તા મળે તો માધવસિંહ ગુજરાતના મુખ્યપ્રધાન બનશે.

**માધવસિંહની મક્કમતા :** ૧૯૭૮માં બાબુભાઈ જશભાઈના શાસન સમયે માધવસિંહે યુવક કોંગ્રેસના મિત્રોને બોલાવી બિનરાજકીય મંચ પરથી આર.એસ. એસ. વિરોધી સંમેલન બોલાવવાનું નક્કી કર્યું. આ માટે પ્રમોદ શાહ, સ્વ. નરેન્દ્રસિંહ તોમરે તે સમયે 'ગુજરાત

સંઘર્ષ સમિતિ'ની રચના કરી સંમેલન આંબેડકર હોલમાં બોલાવવાનું નક્કી કર્યું. ત્યારબાદ અમુક સિનિયર આગેવાનોએ આ સંમેલનનો વિરોધ કરી જનતા પાર્ટીની સરકાર હોવાથી આર.એસ.એસ. તરફથી તોફાન કરવામાં આવશે અને યુવકોની હાજરી પણ નહીં હોય. તે બધાને જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે, ''હું પાંચ જણાં પણ આવશે તો પણ સંમેલનમાં જઇશ, ભાષણ કરીશ, કારણ કે આ સંમેલન મેં કરવાનું કહ્યું છે, સંમેલન થયું. આંબેડકર હોલ આખો ભરાયેલ હતો. માધવસિંહે ભાષણ કર્યું, સાથે બીજા નેતાઓ નટવરલાલ શાહ, મગનલાલ બારોટ, હિરાલાલ ગુપ્તા. નવીન શાસ્ત્રીએ પણ સંમેલનને સંબોધ્યું. આમ તેઓ પોતે જવાબદારી લેતા, તેને મક્કમપણે વળગી પણ રહેલા અને કાર્યકરોને ઉત્સાહ આપતા હતા. પોતાની આર.એસ.એસ. વિરોધી વિચારસરણીમાં તેઓ સ્પષ્ટ હતા.

**જૂથબંધીથી અલિપ્ત :** તેઓ જૂથબંધીથી પર હતા. તેમાં કદી તેઓ પડતા નહીં. ૧૯૭૯માં અમદાવાદ શહેર સમિતિમાં બેસી નવિન શાસ્ત્રી અને રામલાલ રૂપલાલ ઈન્દિરાજીને ફેક્સ દ્વારા માધવસિંહ વિરુદ્ધ રજૂઆતો કરતા હતા. ત્યારે એકવાર માધવસિંહે આ બંને નેતાઓને બોલાવી કહ્યું હતું કે તમે જે ફેક્સ ઈન્દિરાજીને કરો છો તે ફેક્સની નકલ તેઓ મને મોકલે છે. આને બદલે તમે મારે ત્યાં આવી તમારે જે કાર્યક્રમોનો અમલ કરાવવો હોય તે કરાવો. ત્યારબાદ આ બંને નેતાઓ માધવસિંહને સમાજ ઉત્થાનના કાર્યક્રમમાં મદદ કરવા લાગ્યા. આમ તેઓ મનમાં કોઈ પણ જાતનો ડંખ ન રાખનાર વ્યક્તિ હતા, બધાને સાથે લઇને ચાલનાર વ્યક્તિ હતા.

હું માધવસિંહ સાથે ન હોવા છતાં તેમણે મને ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે પસંદ કર્યો હતો, સંમતિ આપી હતી અને ૧૯૭૫ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષનો ઉમેદવાર બનાવ્યો હતો.

**ઓબીસી આંદોલન :** ઓબીસી અનામત માટે ૧૯૮૧માં તેમણે નિવૃત્ત ન્યાયમૂર્તિ સી.વી. રાણે કમિશનની રચના કરેલી. આ કમિશને તા.૩૧-૧૦-૧૯૮૩ના રોજ રિપોર્ટ રજૂ કરેલો, જેની ભલામણોના આધારે તા.૧૦-૧-૧૯૮૫ની કેબિનેટમાં મંજૂરી મેળવીને જે તે વખતે અમલી ૧૦ ટકા અનામતના બદલે ગુજરાતમાં મેડિકલ-ઇજનેરી સહિત નોકરીઓમાં ૧૮ ટકા અનામતનો નિર્ણય લીધેલો. અનામત વિરોધી આંદોલન થતાં આ નિર્ણય પાછો ખેંચી માધવસિંહે તા. ૫-૭-૮૫ના રોજ રાજીનામું આપ્યું. ૧૯૯૪માં ચિમનભાઈ પટેલે ૧૦ ટકા ઓબીસી અનામતને ૨૭ ટકા સુધી વધારવાનો નિર્ણય કર્યો ત્યારે કોઈ આંદોલન થયું ન હતું. તેઓ એક દુર્જેય નેતા હતા, જેમણે વર્ષો સુધી ગુજરાતના રાજકારણમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. સમાજ પ્રત્યે તેમની સમૃદ્ધ સેવા માટે તેમને યાદ કરવામાં આવશે. તેમને પુસ્તકો વાંચવામાં મઝા આવતી હતી અને તેઓ સંસ્કૃતિ માટે ભાવુક હતા. જ્યારે પણ તેમને મળવાનું થાય ત્યારે તેઓ પુસ્તકોની જ વાતો કરતા અને લેટેસ્ટ વાંચેલા પુસ્તકો વિશે જણાવતા. તેઓ સંસ્કૃતિ માટે લાગણી ધરાવતા, મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરાવનારા (પાછળની આ યોજનાનો દેશમાં અમલ થયો) મફત કન્યા કેળવણી, સમાજના દબાયેલા, કચડાયેલા, વંચિતો માટેની ઘણી યોજનાઓ શરૂ કરનારા હતા. તેમણે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે ઝીણાભાઈ દરજીને મૂક્યા હતા. તેમણે કહ્યું હતું કે, ''રાજ્યના ૭૨% લોકો ગરીબો, અશિક્ષિતો અને વંચિતો છે. શું તેમના ઉત્થાન માટે ન્યાય ન મળવો જોઈએ ? આવા લોકોનો વિકાસ નહીં થાય ત્યાં સુધી લોકશાહી અધૂરી છે.''

ગુજરાત રાજ્યમાં મફત કન્યા કેળવણી અને મધ્યાહ્ન યોજના શરૂ કરનારા માધવસિંહે સુસ્વાસ્થ્ય માટે સાદગીપૂર્વકનું જીવન અને સાદો ખોરાક લેતા હતા. તેઓ ખૂબ ઓછું અને સાદું સાત્ત્વિક ભોજન લેતા હતા, તેથી તેમની તંદુરસ્તી સારી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી લઈ સરદાર પટેલના સાદગીપૂર્વકના જીવનને પોતે જોયું હોઈ અને અનુભવ્યું હોવાથી પોતે પણ સાદગીપૂર્વક જીવન જીવ્યા હતા. તેઓ કહેતા, ''એક સમયે પ્રજા જેમને દુર્ગા ગણતા હતા તેવા પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી તેમજ પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધી પાસેથી મને ઘણું શીખવા, જાણવા મળ્યું છે. ■

# ગુજરાતનું પહેલું પ્રધાનમંડળ...

**જવાહરલાલ નહેરુએ કહ્યું છે, ''ગાંધીજી જ્યાં ચાલ્યા ત્યાં યાત્રા બની, જ્યાં બેઠા તે મંદિર બન્યું. આવી એક મંદિર જેવી ધરતીની રેતી પર હૃદયકુંજની સમીપ ગુજરાત રાજ્યના મંગળ ઉદ્‌ઘાટનનો એ પ્રસંગ રચાયો હતો**

**મહાગુજરાતની** સ્થાપનાનો ૧ લી મે-૧૯૬૦નો દિવસ એટલે રવિવાર. રવિવારની પરોઢે આ સમારોહ જ્યાં યોજાયો હતો તે સાબરમતી આશ્રમમાં જવા એક અસ્ખલિત માનવપ્રવાહ સર્જાયો હતો. ગાંધી આશ્રમ એટલે પવિત્ર ભૂમિ. જવાહરલાલ નહેરુએ કહ્યું છે, ''ગાંધીજી જ્યાં ચાલ્યા ત્યાં યાત્રા બની, જ્યાં બેઠા તે મંદિર બન્યું. આવી એક મંદિર જેવી ધરતીની રેતી પર હૃદયકુંજની સમીપ ગુજરાત રાજ્યના મંગળ ઉદ્‌ઘાટનનો એ પ્રસંગ રચાયો હતો. શરૂઆત ભાવવાહી ભજનોથી થઈ. થોડી ઔપચારિક વિધિ બાદ સંતસમાન પૂ. રવિશંકર મહારાજે દીપ પ્રાગટ્ય કર્યું અને સાથે જ ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન થયું. પૂર્વમાં લાલ સૂર્ય ઉદિત થઈ રહ્યો હતો તેનાં રેશમી કિરણો આ સવારને વધુ રમ્ય બનાવતાં હતાં. નર્મદનું સ્વપ્ન 'જય જય ગરવી ગુજરાત' સાકાર થયું હતું. રાજ્યના ઉદ્‌ઘાટનને થોડે દૂર તોપોના ધડાકે વધાવ્યું. ગુજરાતના નવા નિમાયેલા રાજ્યપાલ હૈદરાબાદના નવાબ શ્રી મહેંદીનવાઝ જંગ અને ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન શ્રી જીવરાજભાઈ મહેતા બેઠા હતા. તેમની બાજુમાં નવનિર્વાચિત પ્રધાનો શપથવિધિ માટે હાજર હતાં.



ઉદ્‌ઘાટન કરતાં રવિશંકર મહારાજે કહ્યું, ''આ મારા જીવનની પુણ્યસ્મૃતિ છે. નવું રાજ્ય કેવું હોવું જોઈએ ? ભાવિની સોંસરવી દૃષ્ટિ કરતા મહારાજે કહ્યું, ''પ્રધાનો સાદા, પીઢ, પ્રજાકાજમાં ઓતપ્રોત હોવા જોઈએ. રાજ્ય વાહનનો બીજો રથ નોકરીયાતો અને લોકશાહીમાં રાજ્યની સાચી માલિક પ્રજા સહુ સહુના ધર્મ સમજાવતાં એ પ્રવચનમાં ભવિષ્યમાં પ્રધાનો અને સરકારી નોકરીયાતો તેમજ પ્રજા સૌની ગુજરાતને આદર્શ રાજ્ય બનાવવા માટે ફરજો અંગે મહારાજ અસ્ખલિત સંતસરિતા જેવા વહેતા અને ઈતિહાસના રણકાર સાથેના આ વાણીપ્રવાહમાં જે હૈયે હતું તે જ હોઠે લાવી વાત કરી રહ્યા હતા. આ પ્રવચન કોઈએ તૈયાર કરેલું નહોતું અને આમ છતાં ગુજરાતનાં કેટલાંક અમર પ્રવચનોમાં આ પ્રવચન સ્થાન પામે છે. પ્રધાનોની સાબરમતીના તીરે જ સોગંદવિધિ થઈ. મુખ્ય પ્રધાન જીવરાજ મહેતા, રસિકલાલ પરીખ, રતુભાઈ અદાણી, માણેકલાલ શાહ અને હિતેન્દ્રભાઈ દેસાઈ એમ મુખ્ય પ્રધાન સહિત કુલ પાંચ કેબિનેટ પ્રધાનો થયા અને આઠ નાયબ પ્રધાન જેમાં બે મહિલાઓ હતી. કુલ ૧૩નો રાજ્યપાલશ્રીએ સોગંદવિધિ કરાવ્યો. આ આખોય કાર્યક્રમ એકાદ કલાક ચાલ્યો.

ગુજરાત રાજ્યના ઉદ્‌ભવની એ મંગળ ઘડી પાછળ ઈતિહાસ છે, ગાથા છે. કાળની સરિતા વહ્યા જ કરે છે. જીવરાજભાઈ આજે નથી, એમનું મુખ્યપ્રધાન તરીકે કેમ નક્કી થયું, ક્યાં સુધી તે ટક્યા, કોંગ્રેસનું એકચક્રી રાજ્ય હતું, ક્યાં સુધી ટક્યું, ગુજરાતમાં સૌરાષ્ટ્ર-કચ્છના રાજ્યો ભળ્યાં તેની શું કથની છે,

# વિદ્યા વિવાદાય, ધનં મદાય...

મુખ્યપ્રધાન અથવા વડા પ્રધાન આજકાલ પોતાની જાતને સામાન્ય માણસના સેવક ગણાવે છે. પોતે લોકસભાની ગરિમા જાળવશે એ નિર્ધાર વ્યક્ત કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત લોકસભામાં પ્રવેશતા પહેલા એના પગથિયે માથું ટેકવી પ્રણામ કર્યા હતાં. એ દૃશ્ય ભાવવાહી હતું. ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે એમણે સી.એમ.નો અર્થ 'કોમન મેન' એટલે કે સામાન્ય માણસ અથવા 'છેવાડામાં છેવાડાનો માણસ' એવો કહ્યો હતો.



આ વાચાળતા કેટલી સાચી હતી તેની ચર્ચામાં નથી ઊતરવું. આજે વાત કરવી છે શંકરસિંહ વાઘેલાની. 'બાપુ' તરીકે ઓળખાતા શંકરસિંહજી આમ તો પ્રેમાળ અને સંબંધના માણસ. પણ એ દિવસે એમના માટે સૂર્ય કદાચ પશ્ચિમમાં ઊગ્યો હશે. તેઓ મુખ્યપ્રધાન બન્યા બાદ વિધાનસભા સત્રના પ્રથમ દિવસે અમદાવાદથી ગાંધીનગર આવવા નીકળ્યા હતા. રસ્તામાં તેમના કાફલાને પંજાબ ટ્રાવેલ્સ નામની ટ્રાવેલ એજન્સીની બસના ડ્રાઈવરે સાઈડ ના આપી. બસ, એટલી જ વાત ! બાપુનો પિત્તો ગયો !! સામાન્ય રીતે આવી ઘટનાને બાપુ એમના સ્વભાવ પ્રમાણે બહુ અગત્યતા ના આપે. બાપુને નજદીકથી ઓળખનાર એમના હળવા સ્વભાવ માટે તેમને જાણે છે. એટલે આ રીતે સાવ ક્ષુલ્લક બાબતે તેમનો પિત્તો જાય તે સ્વાભાવિક રીતે નવાઈ લાગે.

સત્તા આગળ શાણપણ ચાલતું નથી અને 'રાજા, વાજા ને વાંદરા' જેવી આપણી જૂની કહેવતો, સત્તા જેમની પાસે છે તેમના માટે પ્રચલિત બની છે એ કંઈ એમને એમ તો નહીં બની હોય. આનો પુરાવો એ દિવસે મળી ગયો.

પંજાબ ટ્રાવેલ્સની બસના ડ્રાઈવરે સાઇડ આપી નહીં. શંકરસિંહ વાઘેલાનો પારો સાતમા આસમાને ચઢી ગયો. તેઓ એટલા ગુસ્સે થયા કે તેઓએ પંજાબ ટ્રાવેલ્સની ગુજરાતની તમામ બસોની પર્મિટ રદ કરી નાખી.

અર્થાત્ સત્‌પુરુષો અને દુર્જનોનો વ્યવહાર વિપરીત હોય છે. દુર્જનોની વિદ્યા વિવાદ માટે, ધન ઉન્માદ માટે અને શક્તિ પરપીડન એટલે કે બીજા લોકોને તકલીફ આપવા માટે વપરાય છે. જ્યારે સત્‌પુરુષોની વિદ્યા જ્ઞાનના પ્રસાર માટે, ધન દાન અર્થે અને શક્તિ અન્ય લોકોનાં રક્ષણ માટે વપરાય છે.

પ્રજાના પ્રતિનિધિઓ એ ભૂલી જાય છે કે, જે કાંઈ સત્તા એમને મળી છે, તે પ્રજાની સેવા કરવા માટે અને એને મદદ કરવા માટે મળી છે. એક શ્લોક છે :

**વિદ્યા વિવાદાય, ધનં મદાય, શક્તિઃ પરેષામ્ પરિપીડનાય,**
**ખલસ્ય સાધોર્વિપરીત મેતત્, જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય ॥**

આમ, ધન હોય, જ્ઞાન હોય કે સત્તારૂપી શક્તિ, એ હંમેશા લોકોની તકલીફ ઓછી કરવા અને એમની મદદ કરવા માટે વપરાવા જોઈએ. ■

**આપણી જૂની કહેવતો, સત્તા જેમની પાસે છે તેમના માટે પ્રચલિત બની છે એ કંઈ એમને એમ તો નહીં બની હોય, આનો પુરાવો એ દિવસે મળી ગયો, પંજાબ ટ્રાવેલ્સની બસના ડ્રાઈવરે સાઇડ આપી નહીં. શ્રી શંકરસિંહ વાઘેલાનો પારો સાતમા આસમાને ચઢી ગયો, તેઓ એટલા ગુસ્સે થયા કે તેઓએ પંજાબ ટ્રાવેલ્સની ગુજરાતની તમામ બસોની પર્મિટો રદ કરી નાખી**

વાળાઢાળા, આટાપાટા, ચાંદલા થાય, ચાંદલા ભૂસાય એનાથી ઈતિહાસનાં પાના ભરાયેલાં છે. ગુજરાતનું રાજ્ય હવે અમદાવાદથી ચાલવાનું હતું. કોંગ્રેસ પક્ષનું તેજ ઝળહળતા સૂરજની માફક પ્રકાશતું હતું.

## ધોતી બિકી સાત કરોડ મેં...



સુરેશ મહેતા પ્રધાનમંડળમાં હું પહેલીવાર કેબિનેટ પ્રધાન બન્યો. કેશુભાઈ અને સુરેશભાઈ બેમાં પહેલો કેશુભાઈનો કાર્યકાળ રહ્યો. કેશુભાઈ બરછટ છે, ભણતર નથી એવા અનેક કારણોસર એમને બદનામી વેઠવી પડી. તેની સરખામણીમાં સુરેશભાઈની છાપ ભણેલ-ગણેલ માણસ તેમજ વૈધાનિક પ્રક્રિયાના જાણકાર તરીકેની હતી.

સુરેશભાઈ ગુજરાતના ૧૬માં મુખ્યપ્રધાન હતા અને મુખ્યપ્રધાનપદ શોભાવનાર તેઓ પ્રથમ કચ્છી હતા. જૂના જમાનાની ઘરેડમાં ઘડાયેલા શ્રી મધુભાઈ ભટ્ટ તેમનાં અંગત સચિવ હતા. નાયબ સચિવને હોદ્દે પહોંચેલા મધુભાઈ સુરેશભાઈ સાથે કચ્છીમાં વાત કરતા.

સુરેશભાઈ કાંઈક વિચારતા હોય અથવા મૂંઝવણમાં હોય ત્યારે પોતાના પેટ પર બંને હાથે તબલા વગાડતા. ત્વરિત નિર્ણયો એમને ઓછા ફાવતા અને સામાન્ય માણસને અને ધારાસભ્યોને પણ સીધી સાદી વાત કરવાને બદલે નિયમોમાં ગૂંચવતા. ભારતીય જનતા પાર્ટીના સિનિયરોમાં સુરેશભાઈ અંગ્રેજી જાણતા, જે એમની વિશેષતા હતી. સુરેશભાઈ મહેતા કેશુભાઈ પટેલના વડપણ હેઠળના રાજ્યના પ્રથમ ભારતીય જનતા પાર્ટીના સભ્ય હતા. એક સંવેદનશીલ વ્યક્તિ તરીકેની તેમની છાપ હતી. શંકરસિંહ વાઘેલાએ ૨, ઓક્ટોબર-૧૯૯૫ના રોજ બળવો કરી જૂદા પડેલા ધારાસભ્યોને ખુજરાહો ખસેડ્યા. આ સભ્યોના આગેવાન દિલીપભાઈ પરીખ હતા.

દરમિયાનમાં ભાજપના હાઈકમાન્ડે સમાધાનકારી વલણ અપનાવ્યું. શ્રી અટલબિહારી વાજપેયીને આ સમસ્યાના ઉકેલ માટે ગાંધીનગર મોકલ્યા, જેમણે બધાને સાંભળી પરિસ્થિતિનો તાગ મેળવી અત્યંત સ્ફોટક વાતાવરણમાં સમાધાન માટે સંમત કરાવ્યા.

આનાથી નારાજ થઈ ઘણા શંકરસિંહ વિરોધી, નરેન્દ્ર મોદી તરફી ધારાસભ્યો તેમજ સંગઠનના કાર્યકરોએ અટલજી માટે 'ધોતી બિકી સાત કરોડ મેં' જેવાં સૂત્રો પોકાર્યાં. અટલજી જેવા પ્રબુદ્ધ અને સજ્જન વ્યક્તિ માટે કહેવાતા સંઘ પરિવારના આ કાર્યકરો અને ધારાસભ્યોને દોરવણી નરેન્દ્ર મોદી આપતા હતા. એક દેશહિતેષી પક્ષ તરીકે આકર્ષાઈને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયેલા મારા જેવા માટે આ અત્યંત આઘાતજનક હતું. ''પુત્રના પારણામાં અને વહુના બારણામાં' કહેવત મુજબ અથવા એ જ મતલબની પ્રચલિત થોડી ગામઠી બીજી એક કહેવત 'લશ્કર કા ભેદ પાયા કે આગે સે ગધ્ધા આયા' મુજબ ભારતીય જનતા પક્ષનું ડાકણના વાંસા જેવું આ વરવું સ્વરૂપ જોઈ આંચકો લાગ્યો.

જૂથબંધી-સત્તાલાલસાથી પર, મૈં નહીં તૂ, મા ભારતીને પરમ વૈભવના શિખરે જોવાની ઈચ્છા જેવાં લોભામણાં સૂત્રો માત્ર કાગળ પર જ હતાં અથવા પાર્ટી સત્તા પર નહોતી આવી ત્યારે હતાં. બાકી ત્યાર બાદનો ભાજપ કોઈ પણ રાજકીય પક્ષના જેવી જ ખટપટોથી ભરપૂર, જૂથવાદ અને એકાધિકારવાદથી કલુષિત રાજકીય પક્ષ હતો, જેને આગળ જતા જેમ ગ્રહણ વખતે રાહુ ચંદ્રમાને ગળી જાય તે રીતે ભારતીય જનતા પાર્ટી પણ સંઘ પર હાવી થઈ એને ગળી ગઈ એવી માન્યતાને જન્મ આપ્યો. ■

# ભારતની વસ્તી ગણતરીને સ્થગિત કરવી દેશ માટે અત્યંત વિનાશક છે...

## વસ્તી ગણતરીના સચોટ આંકડાઓનાં અભાવે દેશના ૧૦ કરોડ લોકો ખાદ્ય-સહાય અને સુરક્ષાથી વંચિત રહ્યાં, વસ્તી ગણતરીમાં વિલંબ પાછળ સરકારની મેલી મુરાદ હોવાની વિપક્ષો અને વિકાસ-નિષ્ણાતોને શંકા

**ત્રણ** વર્ષ પૂર્વે ભારત સરકાર પોતાના નાગરિકોને પાયાની, પરંતુ મહત્ત્વપૂર્ણ પ્રશ્નોની એક લાંબીલચક યાદી આપનાર હતી. તમારા ઘરમાં કેટલા લોકો રહે છે તે શેનું બનેલું છે ? શું તમારે ત્યાં શૌચાલય છે ? શું તમારી પાસે કાર છે ? શું તમારે ત્યાં ઈન્ટરનેટ કનેક્શન છે ? આ પ્રશ્નોના જવાબો ૨૦૧૧માં થયેલી દેશની પૂર્વ વસ્તી ગણતરીના ડેટાને તાજા કરશે, જે ભારતના ઝડપી વિકાસને જોતા અનહદ જૂના-પુરાણાં હતા. જોકે ભારતમાં કોવિડ-૧૯ના લોકડાઉનનાં કારણે આ પ્રશ્નો ક્યારેય પૂછવામાં આવ્યા નહોતા.



લગભગ ત્રણ વર્ષ બાદ અને ભારતમાં હવે મહામારી ચાલી ગઈ હોવા છતાં દર દસ વર્ષે યોજાતી વસ્તી ગણતરી ફરી નિર્ધારિત કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. હવે ૨૦૨૪ની સંસદીય ચૂંટણીઓ સુધી કદાચ વસ્તી ગણતરી યોજાશે જ નહીં. વિરોધ પક્ષો અને વિકાસ નિષ્ણાતોને તેમાં જરૂર કોઈ મેલી મુરાદની ગંધ આવી રહી છે.

નરેન્દ્ર મોદી ઘણીવાર પોતાની સિદ્ધિઓની જાહેરાતોનો અતિરેક કરે છે. જેમ કે હિન્દુ રાષ્ટ્રવાદી વડા પ્રધાન એવો દાવો કરી રહ્યાં છે કે તમામ ભારતીય ગામડાંઓનું વીજળીકરણ થઈ ગયું છે. હવે માત્ર જાહેર ઈમારતો અને ૧૦ ટકા ઘરોને જ કનેક્શનની જરૂર છે. વડા પ્રધાન મોદીએ ભારતને ''ખુલ્લામાં શૌચમુક્ત'' જાહેર કર્યાના આજે ત્રણ વર્ષ બાદ પણ લાખો ગ્રામીણો હજુ ખુલ્લામાં જ શૌચક્રિયા કરે છે. આમ વસ્તી ગણતરીના અદ્યતન ડેટાના અભાવે આ પ્રકારે વધારી વધારીને જે દાવા કરવામાં આવે છે તેની તપાસ કરવી મુશ્કેલ બની જાય છે. એજ રીતે વસ્તી ગણતરી અને વિકાસના નક્કર ડેટા પર નિર્ભર નીતિ નિર્માણની શ્રૃંખલા માટે પણ આ બાબત એક આફત સમાન છે.

ભારતની પ્રથમ યોગ્ય વસ્તી ગણતરી ૧૮૮૧માં બ્રિટિશ સંસ્થાનવાદી પ્રશાસન દ્વારા હાથ ધરવામાં આવી હતી કે જેમણે એવી ગણતરી કરી હતી કે પ્રજા અંગે વધુ જાણકારી મેળવવાથી તેમની સત્તા વધુ મજબૂત થશે. ત્યારબાદ સ્વતંત્ર ભારતમાં દર દાયકામાં વસ્તી ગણતરી હાથ ધરવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. વસ્તી ગણતરીના આંકડાઓનો ઉપયોગ એ નિર્ધારિત કરવામાં થાય છે કે કોને ખાદ્ય સહાય મળે છે, દેશભરની શાળાઓ અને હોસ્પિટલોને કેટલાં ચુકવણાં કરવામાં આવે છે અને મતક્ષેત્રોનું સીમાંકન કઈ રીતે કરાય છે. આ આંકડા ઘરેલું

વપરાશ પર વધુ વિસ્તૃત સેમ્પલ સર્વે માટેનો આધાર પણ બને છે કે જે ગરીબીના માપન માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને એ જ રીતે સામાજિક વલણો તેમજ સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ અને ટેક્નોલોજીની પહોંચ માટે વસ્તી ગણતરીના આંકડા મહત્ત્વનો આધાર બની રહે છે.

થોડા સમય માટે નીતિ નિર્માતાઓ સ્વયંને અનુમાન-ધારણા સાથે જોડી શકે છે, પરંતુ આખરે તેને સચોટ સંખ્યા-આંકડા સાથે સુધારવાની જરૂર રહે છે. ''આ બધા માટે આપણે અત્યારે ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાં પર નિર્ભર છીએ, પરંતુ આપણે જાણીએ છીએ કે પરિણામો ઘણાં બદલાઈ જશે કારણ કે ૨૦૧૧થી આજ સુધીમાં ઘણી બધી બાબત મોટાપાયે બદલાઈ ગઈ છે.'' એવું ઘરેલું વપરાશ સર્વેક્ષણ પર કાર્ય કરતા નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનના પૂર્વ અધ્યક્ષ પ્રોનબ એન. જણાવે છે. એક વાત સ્પષ્ટ છે ખરાબ આંકડાં ખરાબ નીતિ તરફ દોરી જાય છે. ૨૦૨૦ના એક અભ્યાસમાં એવો અંદાજ નીકળ્યો હતો કે ૧૦ કરોડ લોકો ખાદ્ય સહાયથી વંચિત રહ્યાં હતાં કારણ કે જાહેર વિતરણ પ્રણાલી દાયકા જૂના આંકડાઓનો ઉપયોગ કરે છે. આમ આ ૧૦ કરોડ લોકો ખાદ્ય સહાય મેળવવા હક્કદાર હોવા છતાં તેનાથી વંચિત રહ્યાં હતાં.

એજ રીતે શાળાઓ બાંધતા પૂર્વે અને શિક્ષકોની નિમણૂક પૂર્વે અને જે તે વિસ્તારમાં કેટલા બાળકો રહે છે તે જાણવું ઘણું જ મહત્ત્વનું હોય છે. વસ્તી ગણતરી પર સરકારને સલાહ આપી રહેલા નારાયણન ઉન્નીએ જણાવ્યું હતું કે, આ પ્રકારની સચોટ જાણકારીના અભાવે દિલ્હી કે બેંગ્લુરુ જેવા ઝડપથી વિકસતા શહેરોમાં શૈક્ષણિક 'મિસ ફાયરિંગ' થયું છે. ઉન્ની જણાવે છે કે, ''આ સ્થળોએ કેટલાં લોકો રહે છે તેની જ આપણને મૂળભૂત માહિતી ઉપલબ્ધ નથી અને તેથી જાહેર સેવાઓ માટે યોગ્ય આયોજન કરવું ખરેખર મુશ્કેલ બની જાય છે.''

વસ્તી ગણતરીનો હવાલો જેમની પાસે છે એ ગૃહ મંત્રાલયે તાજેતરમાં ૧૩મી ડિસેમ્બરે વસ્તી ગણતરીના મામલે પૂછવામાં આવેલા સંસદીય પ્રશ્નના જવાબમાં વસ્તી ગણતરી નહીં હાથ ધરવા પાછળ મહામારીને જવાબદાર ગણાવી હતી. આ પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે હવે પછી વધુ આદેશ ન થાય ત્યાં સુધી વિલંબ ચાલુ રહેશે. ગૃહ મંત્રાલયે વસ્તી ગણતરી પુનઃ શરૂ કરવા માટે કોઈ સમયબદ્ધ માળખું કે કાર્યક્રમ રજૂ કર્યો નથી. અનેક આંકડાશાસ્ત્રી તેમજ સમાજશાસ્ત્રીઓ આ ખુલાસાથી મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. આ ખુલાસો ગળે ઉતરે એવો નથી કારણ કે, ભારતે છેલ્લાં એક વર્ષ કરતાં વધુ સમયથી ચૂંટણીઓ યોજવાનું અને મોટામાં મોટાં રાજકીય મેળવડાઓ યોજવાનું ક્યારનુંય શરૂ કરી દીધું છે.

એ વાત સાચી કે તો વસ્તી ગણતરીની પ્રક્રિયા માટે લાંબી પ્રશ્નાવલી સાથે ઘરે ઘરે જવા માટે ૩૦ લાખ જેટલાં ગણતરીકારોને તાલીમ આપવાની જરૂર છે અને પ્રથમ વખત આ પ્રશ્નોના જવાબ ડિજિટલ ટીમે રેકોર્ડ કરવાની સરકારની મહત્વાકાંક્ષા આ કાર્યને વધુ જટિલ બનાવશે. મોટા ભાગે આ કાર્ય સંભાળનારા શિક્ષકો હજુ હમણાં જ શાળાઓમાં પુનઃ કામે લાગ્યા છે.

વસ્તી ગણતરી હાથ ધરવા માટે સમય એટલો બધો ઓછો છે, કારણ કે ચોમાસામાં આ કામગીરી હાથ ધરવી મુશ્કેલ બની જાય છે. આવા લોજિસ્ટિક અવરોધો હોવા છતાં ભૂતકાળના શાસકોએ ક્યારેય વસ્તી ગણતરીની કામગીરી અટકાવી નહોતી. વડા પ્રધાન મોદીની સરકાર અગાઉની સરકારોનું અનુસરણ કરવામાં કેમ અસમર્થ છે તે બાબતે ખુલાસો કરવો જોઇએ. ■



- પ્રો. હેમંતકુમાર શાહ

# બેંકોના થાપણદારોને કરોડો રૂપિયાનું વ્યાજમાં નુકસાન

**આ બધું મોદી સરકારના સમયમાં થયું એમ કહીએ તો કહેનારને અર્બન નકસલ, દેશદ્રોહી અને અનર્થશાસ્ત્રી તરીકે નવાજવામાં આવે, શું આવું બોલનારા કે લખનારા આ બેંકોમાં થાપણો નથી મૂકતા ? એમને પણ આર્થિક નુકસાન થયું છે, પણ તેઓ ભક્તિરસમાં એટલા બધા રચ્યાંપચ્યાં છે કે જે નરી આંખે દેખાય છે તે જોવા પણ તેઓ તૈયાર નથી !**




**નોબેલ** ઈનામ વિજેતા અર્થશાસ્ત્રી અને બિલ ક્લિન્ટન જ્યારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે અમેરિકન સરકારના મુખ્ય આર્થિક સલાહકાર હતા તે જોસેફ સ્તિગ્લિટ્ઝ દ્વારા એક પુસ્તક લખાયું છે. Globalization and its Discontents. આ પુસ્તકના IMF વિશેના પ્રકરણમાં તેમણે પહેલું જ વાક્ય એમ લખ્યું છે કે IMF એક રાજકીય સંસ્થા છે.

ભારતમાં બેંકો રાજકીય સંસ્થા છે એવું કહી શકાય ખરું ? જેમનામાં થોડી પણ બુદ્ધિ બચી હોય હજુ પણ એવા વિશ્વગુરુ બનવા થનગની રહેલા ભારતના મોદીભક્ત નાગરિકો પણ જરા વિચારે તો સારું.

ભારતની બેંકોએ રૂ.૧૫૬ લાખ કરોડની થાપણો મૂકનારા થાપણદારોને સાત ટકા વ્યાજનો દર ગણીએ તો જેટલું વ્યાજ ચૂકવે એટલી રકમ તો લોન લેનારાઓની

## જી-૨૦ વિશે કેટલીક રસપ્રદ હકીકતો...

(૧) જી-૨૦નું પ્રમુખપદ એક વર્ષ માટે જ હોય છે અને તે વારાફરતી ૨૦ દેશો વચ્ચે ફરતું રહે છે. એ ફરતું ફરતું ભારત પાસે ઓવેલું છે. એમાં ભારતની કે ભારત સરકારની કોઈ સિદ્ધિ નથી.

(૨) દુનિયાના વેપારમાં આ ૨૦ દેશોનો ફાળો ૭૫ ટકાની આસપાસ છે. એમાં ભારતનો ફાળો માત્ર ૧.૭ ટકા જેટલો જ છે. જે ગતિએ અત્યારે ભારતનો વેપાર વધી રહ્યો છે, એ જ ગતિએ વધતો રહે તો પણ ભારતનો ફાળો ૨૦૪૭માં ત્રણ ટકાની આસપાસ જ થાય કે જે ૧૯૪૭માં એટલો જ હતો !

(૩) જી-૨૦ને દુનિયાના વૈશ્વિક અર્થકારણ અને રાજકારણ સાથે સંબંધ છે. એમાં યુદ્ધો, મંદી, મોસમ પરિવર્તન, વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા વગેરે વિશે નિર્ણયો લેવાતા હોય છે. એમાં ભારતનાં રાજ્યોને કે કેન્દ્રશાસિત પ્રદેશોને નહાવા-નિચોવવાનો સંબંધ નથી. છતાં આજકાલ ભારત સરકાર રાજ્યોમાં એની જાતજાતની મીટિંગો યોજી રહી છે અને હજુ તો ઘણી એવી મીટિંગો યોજવાની છે ! આશ્ચર્યજનક બાબત છે આ ! એ સરકારના અને ભાજપના પ્રચાર સિવાય કશું નથી. બેફામ ખર્ચ એને માટે થશે અને પરિણામ શૂન્ય !

**વિચાર તો કરો કે, જો બેંકોએ આટલી માંડવાળ ના કરી હોત તો થાપણદારોને કેટલું વધારે વ્યાજ મળ્યું હોત, કદાચ ૧૦ ટકા કે ૧૨ ટકા અને હા, લારી, રિક્ષા, કાર, સ્કૂટર, બાઈક, ઘર વગેરે માટે લોન લેનારે પણ ઓછું વ્યાજ ચૂકવવું પડ્યું હોત કે નહીં ?**

છેલ્લાં પાંચ વર્ષમાં માંડવાળ કરી. વ્યાજનો દર તો સાત ટકા કરતાં ઓછો રહ્યો છે, આ પાંચ વર્ષમાં. એટલે એ રીતે ગણતરી કરીએ તો તો થાપણદારોએ ઘણી મોટી રકમ ગુમાવી વ્યાજમાં. વળી, બેંકો પાસે આ રકમ તો થાપણદારોની જ હતી કે જે તેમણે માફ કરી દીધી !

વિચાર તો કરો કે, જો બેંકોએ આટલી માંડવાળ ના કરી હોત તો થાપણદારોને કેટલું વધારે વ્યાજ મળ્યું હોત, કદાચ ૧૦ ટકા કે ૧૨ ટકા અને હા, લારી, રિક્ષા, કાર, સ્કૂટર, બાઈક, ઘર વગેરે માટે લોન લેનારે પણ ઓછું વ્યાજ ચૂકવવું પડ્યું હોત કે નહીં ?

આ ઘટનાનો અર્થ એ છે કે ઉદ્યોગપતિઓ કે કંપનીઓ પાસેથી હવે એ રકમ પાછી નહીં આવે એમ સ્વીકારીને બેંકોએ એમના સરવૈયામાં એ બાકી લોનો બતાવવાનું જ બંધ કરી દીધું. સવાલ એ છે કે, આટલી મોટી રકમ પરત નહીં આપનારને કેમ કશું થયું નહીં ? આ મામલો શુદ્ધ રીતે આર્થિક છે કે પછી રાજકીય પણ છે ? જરા, પેલા જોસેફ સ્તિગ્લિટ્ઝના કથનને યાદ કરો. જેમની લોનો માફ થઈ ગઈ એમણે ક્યા રાજકીય પક્ષને ક્યારે કેટલું ફંડ આપ્યું તે માહિતી મળે તો જ ખબર પડે કે મામલો રાજકીય છે કે નહીં ?

જો આ બધું મોદી સરકારના સમયમાં થયું એમ કહીએ તો કહેનારને અર્બન નકસલ, દેશદ્રોહી અને અનર્થશાસ્ત્રી તરીકે નવાજવામાં આવે. શું આવું બોલનારા કે લખનારા આ બેંકોમાં થાપણો નથી મૂકતા ? એમને પણ આર્થિક નુકસાન થયું છે. પણ તેઓ ભક્તિરસમાં એટલા બધા રચ્યાપચ્યા છે કે જે નરી આંખે દેખાય છે તે જોવા પણ તેઓ તૈયાર નથી ! ■







16 महीने के रिकॉर्ड स्तर पर बेरोज़गारी
बेरोज़गार क्या होता है? बेरोज़गारजी कहिए. 16 महीने के भी पहले से बेरोज़गार हूं, सीनियर हो गया हूं.


MY BEST INVESTMENT!
AMIT SHAH'S ASSETS GREW BY 300%!
SATISH ACHARYA


मैं तो फकीर हूं : मोदी
कैसा आदमी है! हमें 'फकीर' बनाकर खुद को फकीर कह रहा है!
नोटबंदी


अभी नागिन बनकर नाच रहे, जीतने के बाद जनता को डसेंगे...


नेता हैं, वादा हमसे करते हैं और विकास खुद का कर लेते हैं...
वोट दे


बकेट लिस्ट?
माधुरी
लतादीदी
कपिल देव
उद्धव
मिल्खासिंग
इत्यादि...
भाजपा कार्यकर्ता
शाह

100 દિવસમાં વ્યાજખોરીમાંથી મુક્તિ સરકારનું મિશન...

• હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી

# ગૃહમંત્રીજી, કાર્યવાહી કેમ કરશો, કાયદો જ કમજોર છે
# આ છે આઝાદ ફરી રહેલા વ્યાજખોરોની યાદી

## ભાસ્કર ઈન્વેસ્ટિગેશન

■ 15થી 17% વ્યાજ પર રૂપિયા આપે છે, 4 લાખની જગ્યાએ 30 લાખ સુધી વસુલી રહ્યા છે

વ્યાજખોરોથી આખું ગુજરાત ત્રસ્ત છે. ગૃહમંત્રીએ હવેના 100 દિવસ સુધી આ વ્યાજખોરો સામે સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવવાની વાત કરી રહ્યા છે. સંઘવીએ કહ્યું કે, આજથી તમામ સિનિયર પોલીસ અધિકારીઓ લોકો વચ્ચે જશે, લોકદરબારનું આયોજન કરશે અને તેમાં લોકોની સમસ્યા સાંભળી હલ કરશે. ગેરકાયદે વ્યાજ વસુલતા વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરશે. પરંતુ કડક કાયદા ના હોવાને કારણે આ ડ્રાઈવ કેટલી અસરકારક સાબિત થશે તેની સામે પ્રશ્નાર્થ છે. સુરતમાં 82 દિવસથી પોલીસ વ્યાજખોરો સામે કડક ઝુંબેશ ચલાવી રહી છે. 145થી વધુ પકડાયા છે પરંતુ 99 ટકા પોલીસ મથકમાંથી જ જામીન પર છૂટી ગયા છે. આ વ્યાજખોરો પોલીસના અભિયાન દરમિયાન ભલે શાંત થઈ જશે પરંતુ આ કાયમી ઉકેલ નથી. પોલીસ આગળ રહીને કાર્યવાહી કરી રહી છે, જેમાં નાણાં ધીરનાર અધિનિયમ કલમ 40 અને 42 સૌજન્ય : દિવ્ય ભાસ્કર (તા.૯-૧-૨૩)

સાચી વાત. બેધડક દિવ્ય ભાસ્કર

### 82 દિવસમાં 145થી વધુ વ્યાજખોરો પોલીસની ઝપેટમાં, 99% લોકો પોલીસ મથકમાંથી જ છૂટ્યા

### વ્યાજખોરોનું વટવૃક્ષ



**વ્યાજખોરો સામે પોલીસના સામાન્ય એક્શન કાયમી ઉકેલ નથી**

### વ્યાજખોરોની હેવાનિયતના કિસ્સા

**વ્યાજના ચક્કરમાં જરીના વેપારીએ પત્નીના દાગીના ગુમાવ્યા, મકાન-બાઇક વેચવાની નોબત**

સલાબતપુરામાં રહેતા અને જરીનો વેપાર કરતા વેપારીએ નવેમ્બર-21માં 12 ટકા વ્યાજે વ્યાજખોર અશોક જરીવાલા પાસેથી 5.40 લાખની રકમ લીધી હતી. વ્યાજના ચક્કરમાં પત્નીના દાગીના, મકાન, બાઇક ગુમાવવા પડ્યા છે. વેપારીએ દાગીના વેચી 5.40 લાખની રકમ સામે 12% લેખે 6.67 લાખની રકમ ચુકવી હતી. વ્યાજખોર તેની પાસે પઠાણી ઉઘરાણી કરતો હતો.

**પોલીસે વ્યાજખોરોની ચુંગાલમાંથી ફ્લેટના દસ્તાવેજ અપાવ્યા**

વ્યાજખોરના ત્રાસને કારણે સુરત પોલીસે એક મહિલાને તેના ફ્લેટનો દસ્તાવેજ વ્યાજખોરોના ચુંગાલમાંથી છોડાવી આપ્યો હતો એટલું જ નહિ મહિલાનો ફ્લેટ વ્યાજખોરે પચાવી પાડ્યો હતો તેનો કબજો પાછો અપાવ્યો હતો. મહિલાનો પુત્ર કેન્સર જેવી ગંભીર બિમારી પીડાતો હતો અને પુત્રના ઈલાજ માટે વ્યાજખોરો પાસેથી મહિલાએ રૂપિયા લીધા હતા.

**પાંડેસરાના યુવકે 2 લાખ સામે 4.50 લાખ આપ્યા છતાં પ્લોટ પડાવ્યો**

પાંડેસરા ભાટલીઓય સર્કલ પાસે રહેતા અને આપના કાર્યકર ગૌતમ પટેલે પાંડે નામના યુવકને 8 ટકા વ્યાજે 2 લાખ આપ્યા હતા. યુવકે વ્યાજખોર ગૌતમ પટેલને 2 લાખની રકમના બદલામાં 4.50 લાખની રકમ ચૂકવી દીધી છતાં વ્યાજખોરે પાંડેસરાના પ્લોટની ફાઇલ લઈ લેતા ગુનો નોંધ્યો છે, વ્યાજ ખોર હજુ પણ 2 લાખ માંગી રહ્યો છે.

---

**અસામાજીક તત્વો બેફામ-બેખૌફ બન્યા**

# શાંત અને સલામત ગુજરાતના દાવા પોકળ : ૨૪ કલાકમાં જ ૧૧ હત્યા

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૦-૧-૨૩)

અમદાવાદ, સોમવાર

એક તરફ, શાંત અને સલામત ગુજરાતની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે. ભાજપના આ બધાય દાવા પોકળ સાબિત થઇ રહ્યા છે. ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતીની પોલ ઉઘાડી પડી છે કેમકે, માત્ર ૨૪ કલાકમાં આખાય ગુજરાતમાં કુલ મળીને ૧૧ લોકોની ઘાતકી હત્યા થઇ છે. ભાજપના રાજમાં અસામાજીક તત્વો અને ગુંડાઓ બેફામ બન્યા છે. હત્યાઓની ઘટના બનતાં લોકોમાં ડરનો માહોલ ઉભો થયો છે. મહત્વની વાત તો એછેકે, ગૃહમંત્રી હર્ષ સંઘવીના હોમ ટાઉન સુરત શહેરમાં જ ત્રણ હત્યા થઇ છે.

## ગૃહમંત્રી હર્ષ સંઘવીના જ હોમ ટાઉન સુરતમાં એક જ દિવસમાં ત્રણ મર્ડર, પોલીસની કામગીરી સામે સવાલો ઉઠયા

સબ સલામતના દાવાઓ વચ્ચે ગુજરાત જાણે ક્રાઇમ કેપિટલ બની રહ્યુ છે. અસામાજીક તત્વોને જાણે પોલીસનો ડર જ રહ્યો નથી. છેલ્લા ૨૪ કલાકમાં હત્યાઓનો જાણે દોર ચાલ્યો છે. જે રીતે એક પછી એક હત્યાની ઘટના બની રહી છે તે જોતાં લાગે છેકે, ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી કથળી છે. ખાખી વર્દી સામે સવાલ ઉભા થયા છે.

એક બાજુ, ગૃહમંત્રી હર્ષ સંઘવી ગુજરાતમાં વ્યાજખોરોને સબક શિખવાડવા અભિયાન છેડ્યુ છે પણ બીજી તરફ, ગૃહમંત્રી પોતાના જ હોમટાઉન સુરતમાં અસામાજીક તત્વો પર કાબુ મેળવી શક્યા નથી. સુરતમાં ડીંડોલી વિસ્તારમાં મહેશ રાઠોડ નામના યુવકની સરેઆમ હત્યા કરાઇ હતી. લિંબાયત વિસ્તારમાં ય જૂની અદાવતમાં દશરથ કાળિયા નામના શખ્સે એક યુવકનુ ગળુ રહેંસી નાખ્યુ હતું. અન્ય એક હત્યાની પણ સુરતમાં જ ઘટના બની હતી જેમાં શરીરના અંગો કાપી ડબલ મર્ડર થયુ હતું. પત્નિના ચારિત્ર્યની શંકા રાખી પતિએ પત્નિ ઉપરાંત એક વર્ષના પુત્રને ધારદાર હથિયાર ઝીંકીને મારી નાખ્યા હતાં. રાજકોટમાં પણ ગોંડલ રોડ આવેલી શિવ હોટલની પાછળ અઢી વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. સાવકા પિતાએ જ બાળકીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

**વર્ષ ૨૦૨૧માં ૧૦૪૦ લોકોની ઘાતકી હત્યા**

ગુજરાતમાં હત્યાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાઇ રહ્યો છે. વર્ષ ૨૦૧૯ની સરખામણીમાં વર્ષ ૨૦૨૧માં હત્યાની ઘટનાઓમાં ૨૫ ટકાનો વધારો થયો છે. નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના મતે, ગુજરાતમાં વર્ષ ૨૦૧૯માં ૯૯૩ હત્યા પોલીસચોપડે નોંધાઇ હતી. જયારે વર્ષ ૨૦૨૧માં હત્યાની ઘટનાની સંખ્યા વધારો થયો હતો અને હત્યાનો આંકડો ૧૦૪૦ સુધી પહોંચ્યો હતો. ટૂંકમાં ગુજરાતમાં મહિને સરેરાશ ૮૫ લોકોની હત્યા થાય છે.

**હત્યા થવાના મુખ્ય કારણો**

- નાના ઝઘડાઓ
- કૌટુંબિક વિખવાદ
- પ્રેમ પ્રકરણ
- વ્યકિતગત અદાવત
- નાણાંની લેવડદેવડ, જમીન
- લૂંટના ઈરાદો

**જામનગરમાં ડબલ મર્ડર : અમદાવાદમાં નિકોલ, સરસપુર, વાસણામાં હત્યા : રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરામાં હત્યા**

**કયાં કયા હત્યા થઇ...**

- ➢ સુરતમાં ડીંડોલી વિસ્તારમાં યુવકની હત્યા
- ➢ સુરતમાં વિમલનાથ સોસાયટીમાં હત્યા
- ➢ સુરતમાં લિંબાયત વિસ્તારમાં યુવકની હત્યા
- ➢ અમદાવાદમાં સરસપુરમાં યુવકને મારી નાંખ્યો
- ➢ અમદાવાદમાં નિકોલમાં પત્નિએ પતિની હત્યા કરી
- ➢ અમદાવાદમાં વાસણામાં એકની હત્યા કરાઇ
- ➢ જામનગરમાં પતિએ પત્નિ-પુત્રની હત્યા કરી
- ➢ વડોદરામાં એક હત્યાની ઘટના બની
- ➢ રાજકોટમાં સાવકા પિતાએ પુત્રીને મારી નાંખી
- ➢ સુરેન્દ્રનગરમાં ય હત્યાની એક ઘટના પોલીસ ચોપડે નોંધાઇ

અમદાવાદમાં ય ૨૪ કલાકમાં જ હત્યાની ત્રણ ઘટના બની હતી. નિકોલમાં પત્નિએ પ્રેમી અને બહેનપણીએ ભેગા મળીને પતિની હત્યા કરી હતી. એટલુ જ નહીં, લાશને કુવામાં ફેંકી દીધી હતી. અમદાવાદના પૂર્વ વિસ્તાર સરસપુરમાં ચંદુલાલની ચાલી પાસે એક યુવકને જાહેરમાં છરીના ઘા ઝીંકીને મારી નાંખવામાં આવ્યો હતો. વાસણામાં ય હત્યાની એક ઘટના પોલીસ ચોપડે નોંધાઇ હતી. જામનગરમાં તો આરોપી અમિતકુમાર ગોંડને પોલીસે ગાંધીનગરથી ઝડપી લીધો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગર, વડોદરામાં ય હત્યાની એક એક ઘટના બની હતી. સરકારના સબ સલામતના દાવાની પોલ ખુલ્લી કરી છે. અસામાજીક તત્વો બેફામ બન્યા છે અને કાયદા વ્યવસ્થાની સ્થિતીની ધજ્જિયા ઉડાવી રહ્યા છે. આ કારણોસર જ ગુજરાત રક્તરંજિત બન્યુ છે. જો ગૃહવિભાગ અસરકારક કામગીરી કરશે તો જ ગુજરાતમાં સાચા અર્થમાં શાંતિ સલામતી સ્થપાશે.

---

**વ્યાજખોરો વિરુદ્ધ અભિયાન | મોટી માછલીઓ પકડાશે નહીં ત્યાં સુધી સફાઇ નહીં**

# વ્યાજખોરીનો બિઝનેસ: બિલ્ડરો, નેતાઓ, અધિકારીઓના 9 હજાર કરોડ વ્યાજે ફરે છે

સૌજન્ય : દિવ્ય ભાસ્કર (તા.૧૧-૧-૨૩)

■ એક મોટા ધારાસભ્ય પણ 3 કરોડ રૂપિયા લઈને વ્યાજના ખપ્પરમાં ફસાઈ ચૂક્યા છે

## ભાસ્કર ઈન્વેસ્ટિગેશન

સુરતમાં બિલ્ડરો વચ્ચે લેવડદેવડની જે ડખાઓ ચાલે છે તેમાં અંદાજે 9 હજાર કરોડ રૂપિયા સુરતના ફક્ત 10 બિઝનેસમેનો વ્યાજે ફેરવે છે. જેમાં ડાયમંડ, ટેક્સટાઇલ અને કન્સ્ટ્રક્શન સાથે જોડાયેલા લોકો સામેલ છે. સુરતમાં આ ત્રણેય ધંધામાં બેફામ રૂપિયા આવે છે અને અહીં આ રૂપિયા રિયલ એસ્ટેટ સેક્ટરમાં ફરે છે. કન્સ્ટ્રક્શનના ધંધા સાથે જોડાયેલા એક મોટા વેપારીએ નામ ન છાપવાની શરતે દિવ્ય ભાસ્કરને ચોંકાવનારી માહિતી આપી કે આ લોબી એટલી શક્તિશાળી છે કે પોલીસ અને નેતા પણ આ લોકોનું કશું બગાડી ન શકે. શહેરનો સૌથી મોટો વ્યાજખોર ડાયમંડ સેક્ટર સાથે સંકળાયેલો છે અને તેના એકલાના જ 2500 કરોડ રૂપિયા બજારમાં ફરી રહ્યા છે. આ વ્યાજખોરના ચક્કરમાં એક ધારાસભ્ય પણ ફસાયા હતા. ત્યારબાદ એક જમીનનો સોદો કરી આપી તેઓ વ્યાજના ખપ્પરમાંથી બહાર નીકળ્યા હતા. એટલું જ નહીં સુરતમાં ફરજ બજાવી ચૂકેલા એક ઉચ્ચ પોલીસ અધિકારી પણ એક દલાલ મારફત બજારમાં વ્યાજના રૂપિયા ફેરવી રહ્યા છે. પોલીસ અધિકારીનો આ દલાલ જ્યારે સુરત આવ્યો હતો ત્યારે કંગાળ હતો અને હવે કરોડપતિ બની ગયો છે. પોલીસે રાજ્યભરમાં વ્યાજખોરો સામે સારી ઝુંબેશ શરૂ કરી છે પણ તે ફક્ત ધાબરવાળા, નોકરિયાત જેવા નાના લોકો

**રાજ્યભરમાં પોલીસ દ્વારા લોક દરબારનું આયોજન કરાયું**



વ્યાજખોરોના ભોગ બનેલા પિતાની તસવીર લઇને લોક દરબારમાં પહોંચ્યો પુત્ર... તસવીર રાજકોટની છે, મહિલા પોતાના બે પુત્ર સાથે લોકદરબારમાં આવી હતી. એક પુત્રના હાથમાં વ્યાજખોરોના આતંકથી ત્રસ્ત થઇ આપઘાત કરનાર પિતા મનોજભાઈની તસવીર હતી. મહિલાની ફરિયાદ બાદ વ્યાજખોરો જેલમાં પુરાયા હતા પણ છુટ્યા બાદ ફરી તેમણે વધુ આક્રમક થઈને સતામણી શરૂ કરી હતી.

અમે તમારી પાસે આવ્યા: પોલીસ

**વ્યાજખોરી સામાજિક દુષણ...કોઈપણ ડર રાખ્યા વિના સંપર્ક કરવો, પોલીસ મદદ કરશે**



વ્યાજખોરી એક સામાજિક દુષણ છે તેને ડામવા માટે પોલીસ સતત પ્રયત્નશીલ છે, જનતા ફરિયાદ લઈને પોલીસ પાસે આવે છે પરંતુ આજે અમે જુદ આપની પાસે આવ્યા છીએ. કોઈપણ સમસ્યા હોય તો કોઈપણ ડર રાખ્યા વિના પોલીસનો સંપર્ક કરવો જેથી પોલીસ આપની મદદ કરી શકે. #અશોક રાજ, ...

**લોક દરબારમાં શું થયું...**

**અમદાવાદ : વ્યાજખોરો સામે 53 ફરિયાદ, 9ની સામે ગુનો નોંધાયો**

અમદાવાદ પોલીસે અત્યાર સુધીમાં વ્યાજખોરો સામે 53 અરજીઓ મળી હતી, જેમાંથી પોલીસે 17 જેટલી અરજીઓનો નિકાલ કર્યો હતો. જ્યારે 47 અરજીઓ પેન્ડીંગમાં છે જેની સામે પોલીસની તપાસ ચાલી રહી છે. પોલીસ તપાસમાં 53 અરજીઓમાંથી 3 અરજી પરથી 9 વ્યાજખોરો સામે અમદાવાદના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

**વડોદરા : લોકોમાં વ્યાજખોરોનો ડર, DCPને અપીલ કરવી પડી**

વડોદરા ખાતે ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં યોજાયેલા લોક દરબારમાં માત્ર 8 ફરિયાદ જ મળતા ડીસીપી અભય સોનીએ લોકોને ડર વગર ફરિયાદ કરવા માટેની અપીલ કરવી પડી હતી. ત્રણ લોકદરબારમાં 250 લોકો હાજર રહ્યા હતા, ફતેગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં 3, મકરપુરામાં 4 અને ગોરવામાં 1 ફરિયાદ મળી હતી.

**રાજકોટ : પોલીસ સામે 60 લોકોએ ભીની આંખે આપવિતિ વ્યક્ત કરી**

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે વ્યાજખોરો સામે 1 મહિના લાંબી ઝુંબેશની જાહેરાત કરી હતી. હેમુ ગઢવી હોલમાં યોજાયેલા લોક દરબારમાં 60 લોકોએ વ્યાજખોરોના આતંક અંગે ભીની આંખો પીડા રજૂ કરી હતી. અનાદિની રજુઆતો બાદ કોઈ પરિણામ મળ્યું નહીં હોવાની તથા હવે જવાબો આપશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## દસ વર્ષ વીત્યા છતાં સરકારને ખેડૂતોની વેદના સમજાતી નથી

# રૂા. ૭૦૦ કરોડના ખર્ચ પછીય જમીન માપણીમાં ભૂલો, હવે ક્ષતિ સુધારણાનો પ્રોજેક્ટ શરૂ કરાશે

અમદાવાદ, બુધવાર

ખેતીની જમીન માપણીમાં અનેક ક્ષતિઓની ખેડૂતોએ અસંખ્ય ફરિયાદો કરી હોવા છતાંય અત્યાર સુધી ભાજપ સરકારના પેટનુ પાણી હાલ્યુ નહીં. એટલુ જ નહીં, રાજ્ય સરકારે ખેતીની જમીનની માપણી માટે ખાનગી કંપનીઓને અત્યાર સુધીમાં રૂા.૭૦૦ કરોડથી વધુ ચૂકવીને બખ્ખા કરાવી દીધા છે. રિ-સર્વેમાં અનેર ભૂલો હોવા છતાય ભાજપ સરકારે ખાનગી કંપનીઓ પ્રત્યે કૂણું વલણ દાખવ્યુ છે. દસ વર્ષના અંતે પણ ભાજપ સરકાર ખેડૂતોની વેદના સમજાતી નથી છે. હવે સરકાર ફરી એકવાર જમીનના રિ-સર્વેમાં રહેલી ક્ષતિ સુધારણાના નામે પ્રોજેક્ટ શરૂ કરી લાખો કરોડોનો ધૂમાડો કરશે.

વર્ષ ૨૦૦૮માં કેન્દ્ર સરકારના નિર્દેશ આધારે ગુજરાતમાં જમીન માપણીનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. ખેતીની જમીન માપણીની કામગીરી ખાનગી કંપનીઓને સોંપી દેવાઇ હતી. ઘણાં ખેડૂતોની ફરિયાદ હતીકે, જમીનના ક્ષેત્રફળ જ ઘટ્યુ છે. જયારે ઘણાનુ કહેવુ હતુકે, ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે તો આજુબાજુના ખેડૂતો અદાવત રાખીને સંમતિ આપતા નથી. આ કારણોસર કૌટુંબિક વિખવાદ વધ્યા હતાં. ખેડૂતોની અસંખ્ય ફરિયાદો છતાંય સરકારે ખેતીની જમીન માપણીમાં કોઈ ક્ષતિ નથી તેવુ રટણ ચાલુ રાખ્યુ છે. મહત્વની વાત એછેકે, વર્ષ ૨૦૧૦થી માંડીને અત્યાર સુધીમાં જમીન માપણી પાછળ સરકારે ખાનગી

### રિ-સર્વેને મુદ્દે સરકારને ૧,૦૬,૩૩૨ અરજીઓ મળી

જમીનની માપણીમાં અનેક ક્ષતિઓ રહી છે. માર્ચ-૨૦૨૨ સુધીમાં રાજ્ય સરકારને ખેડૂતોની ૧,૦૬,૩૩૨ અરજીઓ મળી છે જેમાં ખાસ કરીને રિ-સર્વે બાદ મૂળ જમીનનુ ક્ષેત્રફળ ઘટ્યુ છે તેવી વ્યાપક ફરિયાદો મળી છે. ખેડૂત ખાતેદાર ફરિયાદ કરે તો પણ આસપાસના ખેડૂતોની સંમતિ ન હોય તો અરજી દફતરે કરી દેવામાં આવે છે તેવુ ખેડૂતોનુ કહેવુ છેકે, બનાસકાંઠામાં સૌથી વધુ ૩૩,૯૨૯ અરજીઓ અને કચ્છમાં ૩૩૦૬૨ અરજીઓ રાજ્ય સરકારને મળી છે. કુલ અરજીઓ પૈકી ૭૬,૭૭૮ અરજીઓ હજુય પડતર રહી છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૨-૧-૨૩)

### ૭ લાખ કરોડના સરકારી ખરાબા ભાજપના મળતિયાઓએ લઇ લીધા

ગુજરાતમાં ભૂમાફિયાઓનો ડોળો સરકારી ખરાબા પર રહ્યો છે ત્યારે જમીન માપણીના નામે ભાજપના મળતિયાઓએ સરકારી ખરાબા પણ હડપ કરી લીધા છે. કિસાન કોંગ્રેસ સેલના આગેવાન પાલ આંબલિયાએ આક્ષેપ કર્યોછેકે, ૭ લાખ કરોડના સરકારી ખરાબા પણ નામે કરી લીધા છે. શું સરકાર આ સરકારી ખરાબા પરત લેશે કે નહીં. તેનો ગુજરાતની જનતા સમક્ષ ખુલાસો કરે..

### બે લાખ વેચાણ દસ્તાવેજ, વારસાઇ એન્ટ્રી થઇ છે એ ભૂલો ય કોણ સુધારશે... ખાનગી કંપનીઓ સામે સરકારનુ કૂણું વલણ

## અરજીદીઠ ખેડૂતોએ રૂા.૩૦ હજાર ખર્ચ્યા, જમીન માપણીના નામે ગુજરાત સરકારે જ ૨૦૦ ખેડૂતો પર લેન્ડગ્રેબિંગના કેસો કર્યા

---

## મ્યુનિ.ના અંદાજપત્રની ભ્રામકતા છતી થઈ

# અમદાવાદમાં નવ મહિનામાં ચોથા ભાગના જ વિકાસકામો પૂરા કરાયા

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧-૧-૨૩)

અમદાવાદ,શનિવાર

સ્માર્ટસીટી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષ-૨૦૨૨-૨૩ના મંજૂર કરવામા આવેલા રુપિયા ૮૮૦૭ કરોડના અંદાજપત્રની ભ્રામકતા મ્યુનિ.તંત્રના અધિકારીઓ અને શાસકપક્ષના હોદ્દેદારો વચ્ચે મળેલી બજેટ રીવ્યૂ કમિટીની બેઠકમા છતી થવા પામી હતી.વર્ષ-૨૦૨૨-૨૩ માટે મંજૂર કરવામા આવેલા મ્યુનિ.ના અંદાજપત્રમા શાસકપક્ષે નાણાંકિય વર્ષના અંત સુધીમા કુલ રુપિયા ૪૧૦૩ કરોડના વિકાસકામ પુરા કરવાની જાહેરાત કરી હતી.પહેલી એપ્રિલથી ૩૧ ડીસેમ્બર સુધીમા માત્ર ૨૨૩૧ કરોડના વિકાસકામ પુરા કરી શકાયા છે.સત્તાધીશોએ ૩૯૭૬ કરોડના કામ માટે બજેટ બુકીંગ થવાની સાથે ૩૧ માર્ચ-૨૦૨૩ સુધીમા વધુ ૩૦૦ કરોડના કામ મળી કુલ ૬૨૦૭ કરોડના વિકાસકામ પુરા કરવાનો દાવો કર્યો છે.

### બજેટમાં વિકાસકામ માટે ૪૧૦૩ કરોડનો અંદાજ હતો તેનાથી પણ વધુ વિકાસકામ બાકીના ત્રણ મહિનામાં પૂરા કરાશે તેવો શાસકોએ દાવો કર્યો

અમદાવાદ શહેર માટે વર્ષ-૨૦૨૨-૨૩ના વર્ષ માટે તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દ્વારા રેવન્યુ ખર્ચ માટે ૪૨૪૦ કરોડ અને વિકાસકામ માટે ૩૮૭૧ કરોડ એમ કુલ મળીને રુપિયા ૮૧૧૧ કરોડનું ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કર્યુ હતુ.ફેબ્રુઆરી-૨૦૨૨માં મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરવામા આવેલા ડ્રાફ્ટ અંદાજપત્રમા રેવન્યુ ખર્ચમા રુપિયા ૪૬૪ કરોડ તથા વિકાસના કામો માટે રુપિયા ૨૩૨ કરોડનો વધારો કરવાની સાથે કુલ રુપિયા ૮૮૦૭ કરોડના બજેટને મંજૂરી આપવામા આવી હતી.શહેરના મેયર કિરીટ પરમાર ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન હિતેશ બારોટ સહિત શાસકપક્ષના હોદ્દેદારો તથા વિવિધ કમિટીઓના ચેરમેનની સાથે મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ વિભાગના ઉ પ ર ી અધિકારીઓની બજેટ રીવ્યૂ બેઠક યોજવામા આવી હતી.બેઠકના અંતે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન હિતેશ બારોટે કહ્યુ,નવેમ્બર-૨૦૨૨ સુધીમા ૨૨૩૧ કરોડના વિકાસકામ થયા છે.૩૯૭૬ કરોડના કામ માટે બજેટબુકીંગ થવાની સાથે બીજા ત્રણસો કરોડના કામ વધશે.વર્તમાન નાણાંકિય વર્ષમા અત્યારસુધીમા કુલ ૩૩૯૫ કરોડની રકમ રેવન્યુ ખર્ચ પેટે ખર્ચ કરવામા આવી છે.

વર્ષ-૨૦૨૨-૨૩ના બજેટમા સમાવવામા આવેલા વિકાસકામો અંગે સમીક્ષા કરી પ્રજાલક્ષી કામો ઝડપથી પુરા કરવા તંત્રના અધિકારીઓને સુચના આપવામા આવી છે.બજેટના કામ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી વિકાસકામ માટે મળતી સ્પેશિયલ ગ્રાન્ટના કામ ઝડપથી પુરા કરવા તાકીદ કરવામા આવી હતી.વર્ષ-૨૦૨૧-૨૨ના અંદાજપત્રમા સ્ટેન્ડીંગ કમિટી દ્વારા સુચવવામા આવેલા રુપિયા ૧૭૭ કરોડના વધારા સામે કુલ ૨૪૬૧ કરોડના વિકાસકામ પુરા કરાયા છે.જ્યારે કુલ રુપિયા ૪૦૮૮.૮૭ કરોડ રેવન્યુ ખર્ચ થવા પામ્યો છે.

#### જાહેર કરાયેલા વિકાસકામની સ્થિતિ

| વિકાસકામ | હાલની સ્થિતિ |
|---|---|
| વી.એસ.હોસ્પિટલ | કોર્ટ મેટર |
| એલ.જી.હોસ્પિટલ | ટેન્ડર પ્રકીયા |
| શારદાબેન હોસ્પિટલ | ટેન્ડર પ્રકીયા |
| સ્પોર્ટસ કોમ્પલેક્સ | કામ પ્રગતિમા |
| ખારીકટ કેનાલ | કામ પ્રગતિમા |
| હોટમિક્સ પ્લાન્ટ | ટેન્ડર પ્રકીયા |
| પરકોલેટીંગ વેલ | પરીપત્ર કરાયો |
| સોલારરુફ ટોપ સ્કીમ | પ્રચાર કરાશે |
| ઈ.વી.ચાર્જ સ્ટેશન | ૨૪ સ્થળે મંજૂરી |
| સોલાર પ્લાન્ટ | ટેન્ડર પ્રકીયા |
| વિન્ડ પાવર પ્લાન્ટ | સરકારની મંજૂરીમાં |
| પીંક ટોયલેટ | કામ પ્રગતિમાં |
| સ્વચ્છતા મિશન | ડીપીઆર મંજૂર |
| ફાયર ચોકી | ટેન્ડર પ્રકીયા |
| રેસ્કયૂ સાધનો | કામ પ્રગતિમાં |

#### વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમા શું જોગવાઈ કરાઈ હતી?

| વિગત | કમિ.દરખાસ્ત | સ્ટે.કમિટી (કરોડમાં) |
|---|---|---|
| રેવન્યુ ખર્ચ | ૪૨૪૦ | ૪૭૦૪ |
| વિકાસના કામ | ૩૮૭૧ | ૪૧૦૩ |
| કુલ | ૮૧૧૧ | ૮૮૦૭ |

#### વર્ષ-૨૦૨૧-૨૨ના અંદાજપત્રમા શું જોગવાઈ કરાઈ હતી?

| વિગત | કમિ.દરખાસ્ત | સ્ટે.કમિટી (કરોડમાં) |
|---|---|---|
| રેવન્યુ ખર્ચ | ૩૯૧૨.૫૦ | ૪૨૩૦ |
| વિકાસના કામ | ૩૫૬૨.૫૦ | ૩૮૨૦ |
| કુલ | ૭૪૭૫.૦૦ | ૮૦૫૧ |

#### વર્ષ-૨૦૨૧-૨૨માં ૩૮૨૦ કરોડની જાહેરાત સામે ૨૪૬૧ કરોડના વિકાસ કામ કરાયા

વર્ષ-૨૦૨૧-૨૨માં તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દ્વારા રુપિયા ૩૯૧૨.૫૦ કરોડ રેવન્યુ ખર્ચ તથા ૩૫૬૨.૫૦ કરોડ વિકાસના કામ માટે એમ કુલ મળીને રુપિયા ૭૪૭૫.૦૦ કરોડનુ ડ્રાફ્ટ અંદાજપત્ર રજુ કરવામા આવ્યુ હતુ.એ વર્ષના બજેટમા સ્ટેન્ડીંગ કમિટીએ રેવન્યુ ખર્ચમા રુપિયા ૩૧૮ કરોડ તથા વિકાસના કામો માટે રુપિયા ૨૫૮ કરોડ એમ કુલ રુપિયા ૫૭૬ કરોડનો વધારો કરી કુલ રુપિયા ૮૦૫૧ કરોડનુ અંદાજપત્ર મંજૂર કર્યુ હતુ.૩૧ ડીસેમ્બરે બજેટ રીવ્યુ કમિટીની બેઠકમા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દ્વારા કરવામા આવેલી જાહેરાત મુજબ,વર્ષ-૨૦૨૧-૨૨મા ૨૪૬૧.૬૪ કરોડના વિકાસકામ પુરા કરવામા આવ્યા હતા.

---

## નવેમ્બરમાં બેકારીનો દર ૮ ટકા હતો : સીએમઆઇએ

# ડિસેમ્બરમાં બેકારીનો દર વધીને ૮.૩૦ ટકા : ૧૬ મહિનાની ઉંચી સપાટી

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૧-૨૩)

નવી દિલ્હી, તા. ૧

ડિસેમ્બર, ૨૦૨૨માં બેકારીનો દર વધીને ૮.૩૦ થયો છે. બેકારીનો આ દર છેલ્લા ૧૬ મહિનાનો સૌથી ઉંચો દર છે. નવેમ્બરમાં બેકારીનો દર ૮ ટકા હતો તેમ સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (સીએમઆઇઇ) દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

### ડિસેમ્બરમાં શહેરી બેકારીનો દર ૧૦.૦૯ ટકા અને ગ્રામીણ બેકારીનો દર ૭.૪૪ ટકા હતો જે નવેમ્બરમાં અનુક્રમે ૮.૯૬ ટકા અને ૭.૫૫ ટકા હતો

સીએમઆઇઇ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર ડિસેમ્બર, ૨૦૨૨માં શહેરી બેકારીનો દર ૧૦.૦૯ ટકા રહ્યો છે. જે નવેમ્બર, ૨૦૨૨માં ૮.૯૬ ટકા છે. જ્યારે ડિસેમ્બર, ૨૦૨૨માં ગ્રામીણ બેકારીનો દર ૭.૪૪ ટકા રહ્યો છે. જે નવેમ્બર, ૨૦૨૨માં ૭.૫૫ ટકા હતો. સીએમઆઇઇના મેનેજિંગ ડાયરેક્ટરના મહેશ વ્યાસના જણાવ્યા અનુસાર આંકડાઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે ડિસેમ્બરમાં રોજગારી દર વધીને ૩૭.૧ ટકા થયો છે જે જાન્યુઆરી, ૨૦૨૨ પછીનો સૌથી વધુ હોવાથી બેકારીના આંકડા જેટલા ખરાબ દેખાઇ રહ્યાં છે તેટલા ખરાબ નથી.

વર્ષ ૨૦૨૪ની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ફુગાવાને રોકવો અને યુવાનો માટે રોજગારીની નવી તકોનું સર્જન કરવું સૌથી મોટો પડકાર છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસએ નવેમ્બરે જારી કરેલા આંકડા અનુસાર જુલાઇ-સપ્ટેમ્બરમાં બેકારી દર છેલ્લા ક્વાર્ટરમાં ૭.૬ ટકાની સરખામણીમાં ઘટીને ૭.૨ ટકા રહ્યો છે. સેન્ટર ફોર મોનેટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના આંકડા અનુસાર ડિસેમ્બર મહિનામાં હરિયાણામાં બેકારીનો દર વધીને ૩૭.૪ ટકા થઇ ગયો છે.

---

## ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાનો સૂર્યાસ્ત

# ૩૫૦૦ કરોડનો ધૂમાડો છતાં એકેય ગામમાં દિવસે વીજળી મળતી નથી


અમદાવાદ, રવિવાર

વિધાનસભાની ચૂંટણી વખતે આ જ ભાજપે ખેડૂતોને દિવસે વીજળી આપવાના ઠાલા વચનો આપ્યા હતાં. પણ ખોબલે ખોબલે મતો મેળવ્યા બાદ ભાજપ સરકાર જાણે ખેડૂતોને આપેલા વચનો જ ભૂલી ગઇ હતી. ખેડૂતોને દિવસે વીજળી આપવા સરકારે કિસાન સૂર્યોદય યોજના મોટા ઉપાડે શરૂ કરી હતી પણ રૂા.૩૫૦૦ કરોડનો ધૂમાડા બાદ પણ આજેય ગુજરાતના એકેય ગામમાં ખેડૂતોને દિવસે વીજળી મળતી નથી. આજે પણ ખેડૂતોને વીજળી માટે આખીય રાત જાગવા પડે છે. ટૂંકમાં, ગુજરાતમાં કિસાન સૂર્યોદય યોજનાનો સૂર્યાસ્ત થયો છે.

### વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં આખા ગુજરાતમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાના સરકારના વચનનો ફિયાસ્કો

રાજ્યમાં ખેડૂતો સિંચાઇનું પાણી મેળવી ખેતી કરી શકે તે માટે સવારે પાંચ વાગ્યાથી માંડીને રાત્રીના ૯ વાગ્યા સુધી વીજળી મળે તે માટે સરકારે કિસાન સૂર્યોદય યોજના શરૂ કરી હતી. રાજ્ય સરકારે બજેટમાં પ્રાયોગિક ધોરણે માળખાકીય સુવિધા માટે રૂા.૩૫૦૦ કરોડની નાણાકીય જોગવાઇ સુધ્ધાં કરી હતી જેથી ૬૬ કેવી સ્ટેશન સહિતની માળખાગત વ્યવસ્થા ઉભી કરાય. પ્રથમ તબક્કામાં દાહોદ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આ યોજનાનો આરંભ કરવામાં આવ્યો હતી. ત્યારબાદ ભાવનગર, અમરેલી જિલ્લામાં આ યોજના શરૂ કરાઇ હતી.

ગુજરાતમાં ૧૭.૨૫ લાખ ખેડૂતોને આવરી લઇને ઓગષ્ટ,૨૧ સુધી આ



યોજનાનો ૩૦૨૯ ગામડા સુધી વિસ્તારવામાં આવી હતી. કિસાન કોંગ્રેસના વડા પાલ આંબલિયાનો આરોપ છેકે, કરોડોનો ધુમાડો કર્યા બાદ પણ આજ દીન સુધી એકેય ગામડામાં ખેડૂતોને દિવસે વીજળી મળતી નથી. પ્રારંભિક તબક્કામાં પ્રાયોગિક ધોરણે ત્રણ જિલ્લાના ૧૦૫૫ ગામડાઓમાં ય હજુય દિવસે વીજળી મળતી નથી. ખેડૂતોને આજેય વીજળી માટે ખેતરોમાં રાતના ઉજાગરા કરવા પડે છે. મોડી રાત્રે ખેતરમાં જંગલી પ્રાણીઓના હુમલો થવાનો ડર ખેડૂતોને સતાવી રહ્યો છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૧-૨૩)

## વિકાસની ગુલબાંગો વચ્ચે પીસાતી પ્રજા

# મ્યુનિ. કોર્પો.ની ખામીયુક્ત સિસ્ટમથી પાંચ મહિને પાસ થતા બિલ્ડિંગ પ્લાન

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૧-૨૩)

અમદાવાદ,રવિવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા વિવિધ પ્રકારના બિલ્ડિંગના પ્લાન પાસ કરવામાં મહિનાઓનો સમય વીતતો હોવાના કારણે મકાનો ખરીદનાર લોકોને તેની અસહ્ય કિંમત ચૂકવવી પડે છે. અમ્યુકોની આ અસ્પષ્ટ નીતિના કારણે એક પ્લાન પાસ થવામાં ચારથી સાડા ચાર મહિનાનો સમય વીતે છે. જેના કારણે જમીનમાં કરોડોનું રોકાણ કરનારા બિલ્ડરો સ્કીમ શરુ થાય તે પહેલા જ વ્યાજના ખાડામાં ઉતરી જાય છે અને તે ખર્ચની વસુલાત ખરીદનારા પાસેથી જ કરવામાં આવતા મકાનોની કિંમતમાં આપોઆપ વધારો નોંધાય છે.

## ઓનલાઈન અને ઓફલાઈન બંને સિસ્ટમથી વધેલી હેરાનગતિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા કોઈ એક રીત અપનાવવાના બદલે ઓફ લાઈન અને ઓન લાઈન એમ બન્ને પ્રકારે પ્લાન પાસ કરવામાં આવતી હોવાથી આ પ્રકારની સ્થિતિ સર્જાઈ રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાંધકામોની મંજૂરી ઓન લાઈન આપવાનું ઠરાવ્યું છે ત્યારે અનેક ખામી ધરાવતા ઓન લાઈન સિસ્ટમના સોફ્ટ વેરના કારણે આવા પ્લાનના પાસીંગમાં ચારથી સાડા ચાર મહિનાનો સમય લાગતો હોવાથી સેંકડો અરજદારો હેરાન પરેશાન થઇ રહ્યા છે. મળતી આધારભૂત માહિતી મુજબ ઓન લાઈન પાસિંગ માટે જે સિસ્ટમ ઉભી કરવામાં આવી છે તેમાં મુકવામાં આવેલા અનેકવિધ પેરામીટરની ચકાસણીમાં આ સોફ્ટર વેર પારંગત નહી હોવાના કારણે પ્લાન પાસીંગમાં આટલો મોટો સમય લાગી રહ્યો છે.

### ODPS સોફ્ટવેરને તાત્કાલિક ધોરણે સુધારવાની માંગણી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલ પ્લાન પાસની પ્રક્રિયા માટે જે સોફ્ટ વેરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેને તાત્કાલિક ધોરણે સુધારવામાં આવે તેવી માંગણી ઉઠેલી છે. લાખ્ખોના ખર્ચે ઉભી કરવામાં આવેલી આ સીસ્ટમ ખોડંગાતી રીતે કાર્ય કરતી હોવાના કારણે સામાન્ય પ્રજાથી માંડીને તમામ લોકો હેરાનગતિનો ભોગ બની રહ્યા છે. તે તબક્કે નિષ્ણાત અધિકારોની ટીમ અને સોફ્ટ વેર બનાવનારી ટેકનીકલ ટીમ વચ્ચે સંકલન કરીને પંદર દિવસ માટેની કસરત કરવામાં આવે તો આ સમગ્ર મામલો ઉકેલાઈ શકે તેમ છે અને પ્લાન પાસિંગમાં લાગતો લાગતો ચાર ચાર મહિનાનો વિલંબિત સમયગાળો નિવારી શકાય તેમ છે. પરંતુ અમ્યુકોના સત્તાધીશો હમેશા લોકો વધુને વધુ હેરાન થાય તેમ જ ઈચ્છતા હોવાથી આ સમસ્યાનો પ્રેકટીકલ ઉકેલ લાવવામાં આવતો નથી. અમ્યુકોમાં પ્રજાલક્ષી અભિગમ કોઈપણ ખાતામાં અપનાવવામાં આવતો નથી તેના કારણે દરેક ખાતામાં લોકોની સમસ્યા વધતી ને વધતી જ જાય છે.

## ગુજરાતમાં ૩૪ DEO-DPEOની જગ્યાઓ ખાલી

# શિક્ષણ નીતિ લાગુ પણ અમલ કોણ કરાવશે : કાયમી અધિકારીઓ જ નથી

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨-૧-૨૩)

અમદાવાદ,રવિવાર

કેન્દ્ર સરકારે નવી રાષ્ટ્રી શિક્ષણ નીતિ ૨૦૨૦મા લાગુ કરી દીધી છે અને હાલ ગુજરાતમાં સ્કૂલથી માંડી યુનિ.-કોલેજ લેવલે અમલ માટે પ્રક્રિયા તો શરૂ કરી દેવાઈ છે પરંતુ શૈક્ષણિક કચેરીઓમાં આ નીતિના અમલ માટે જરૂરી શૈક્ષણિક અધિકારીઓની અડધો અડધ જગ્યાઓ ખાલી છે. ગુજરાતમાં હાલ ૧૯ જિલ્લામાં ડીઈઓ-ડીપીઈઓની જગ્યાઓ ખાલી છે અને રેગ્યુલર અધિકારી ન હોવાથી અન્ય અધિકારીને ચાર્જ આપીને કામગીરી ચાલી રહી છે. ડીઈઓ-ડીપીઓની કુલ ૬૭ જગ્યામાંથી ૩૪ અધિકારીઓની જગ્યા ખાલી છે.

## શૈક્ષણિક કચેરીઓમાં કલાસ-૧ની ૩૩માંથી ૨૮ જગ્યા ખાલી:૧૬ અધિકારીને DEO-DPEOનો વધારાનો ચાર્જ

રાજ્યમાં વિવિધ જિલ્લાના ડીઈઓ( ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર) અને ડીપીઈઓ (ડિસ્ટ્રિક્ટપ્રાઈમરીએજ્યકેશન ઓફિસર)ની કુલ ૬૭જગ્યાઓમાંથી ૩૪ અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. ૩૩ જિલ્લામાંથી ૧૯ જિલ્લામા ડીઈઓ-ડીપીઈઓની જગ્યામાં રેગ્યુલર કલાસ-૧ અધિકારી નથી. જ્યારે ૭ જિલ્લામાં ડીઈઓ કે ડીપીઈઓના એક પણ રેગ્યુલર અધિકારી નથી. રાજ્યના સૌથી મોટા એવા અમદાવાદ જિલ્લામાં કે જ્યાં સૌથી વધુ સ્કૂલો છે ત્યાં જ ગ્રામ્ય ડીઈઓ અને ડીપીઈઓની જગ્યા ખાલી છે .ગ્રામ્ય ડીઈઓ તરીકે ૧૫૦ કિ.મી દૂર અન્ય જિલ્લાના કલાસ-૧ અધિકારીને ચાર્જ આપવામા આવ્યો છે. ૧૬ કલાસ-૧ અધિકારી પાસે જિલ્લાના જ કે અન્ય જિલ્લાના ડીઈઓ-ડીપીઈઓનો વધારાનો ચાર્જ છે. ૩૩ જિલ્લામાંથી અમદાવાદ ગ્રામ્ય, અમરેલી, બોટાદ, છોટા ઉદેપુર, ડાંગ, ગીર સોમનાથ, જામનગર, ખેડા,મોરબી, નવસારી, પંચમહાલ, પોરબંદર, સુરત, સુરેન્દ્ર નગર અને વલસાડસહિતના ૧૫ જિલ્લામાં ડીઈઓના રેગ્યુલર અધિકારી નથી. જ્યારે અમદાવાદ, અરવલ્લી, ભરૂચ, ભાવનગર, છોટા ઉદેપર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગિર સોમનાથ, જામનગર, જુનાગઢ, મહિસાગર,મોરબી, નવલસારી, પાટણ, રાજકોટ, સુરેન્દ્રનગર ,તાપી અને વડોદરા સહિતના ૧૯ જિલ્લામાં ડીપીઈઓ તરીકે રેગ્યુલર અધિકારી નથી.

આ ઉપરાંત ગુજરાત બોર્ડમાં પાંચમાથી ચાર, કમિશનર ઓફ સ્કૂલમાં પાંચમાંથી ચાર, જીસીઈઆરટીમાં પાંચમાંથી ૩, સર્વ શિક્ષા અભિયાનમાં ચારમાંથીચારેય, પ્રા.શિ.નિયામકચેરીમાં ચારમાંથી ચાર, એડિશન સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર કચેરીમાં બે, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીમાં એકસહિત ૨૮ કલાસ-૧-૨ સંવર્ગની જગ્યાઓ ખાલી છે.૪૫ કલાસ-૨ અધિકારીઓના બઢતી પેન્ડિંગ છે ત્યારે બઢતી બાદ જ કલાસ-૧ની અધિકારીઓ જગ્યાઓ ભરાશે.પરંતુ મહત્વનું છે કેસરકાર નવી શિક્ષણ નીતિના અમલ માટે જોર શોરથી પ્રયત્નો કરી રહી છે પરંતુ શિક્ષણ નીતિનો અમલ કરાવવાનું જેઓના હાથમાં છે તે શૈક્ષણિક અધિકારીઓ જ પુરતા નથી,હાલ એક અધિકારીને બીજા અધિકારીનો ચાર્જ અપાતા તેઓ જિલ્લામાં ઘણા પ્રોજેક્ટ-કામગીરીમાં પુરતુ ધ્યાન આપી શકતા નથી.

## બેટી બચાવો સ્લોગન ખરું પણ વાસ્તવિક અમલમાં છીંડા

# ગુજરાતમાં નિર્ભયાકાંડ ન બને એ માટે ૨૫૦ કરોડ ફાળવાયા છતાં તંત્ર ઉદાસીન

ગાંધીનગર,ઇંઘલળઆર

મહિલા સલામતી માટે દેશની સામે એક મોટો પડકાર ઉભો થયો છે ત્યારે ગુજરાત સરકારના અમદાવાદ શહેરના પ્રોજેકટમાં ટેન્ડર અને કામ કરવાની મંજૂરી આપ્યાને નવ મહિના પછી પણ કોઈ કામગીરી શરુ કરવામાં આવી નથી. નવી દિલ્હીમાં બે દિવસ પહેલા નશામાં ધૂત લોકોએ એક ૨૦ વર્ષીય યુવતીને ૧૦ કિલોમીટર સુધી ગાડીમાં ઘસડી મોતને ઘાટ ઉતારી દીધી ત્યારે ફરી એક વખત દાયકા જૂના નિર્ભયા બળાત્કાર અને હત્યા કેસની યાદ તાજી થઇ ગઈ છે. જો આવી કોઈ ઘટના અમદાવાદમાં બને તો તેના સર્વેલેન્સ માટે, તેને રોકવા માટે કોઈ વ્યવસ્થા અત્યારે ઉપ્લાલબ્ધ નથી.

નવી દીલ્હીમાં ૨૦૧૨માં એક યુવતિ પર સામુહિક બળાત્કાર અને તેની હત્યા કરાયા બાદ મહિલા-યુવતિઓની સલામતિ માટે કેન્દ્ર સરકારે નિર્ભયા ફંડ ઉભુ કર્યુ હતુ. જે અંતર્ગત સીસીટીવી સર્વેલન્સની વ્યવસ્થા ઉભી કરવા માટે કેન્દ્ર દ્વારા દરેક રાજ્યને ચોક્કસ રકમ અપાય છે. ગુજરાતને પણ રૂ.૨૫૦ કરોડ જેટલી રકમ

### ગૃહ સચિવ, પોલીસ કમિશનર, સંયુક્ત પોલીસ કમિશનરનું ભેદી મૌન

નિર્ભયના ટેન્ડરમાં ભારે વિલંબ અને સંભવિત ગેરરીતિ થયાની અનેક ફરિયાદો છતાં તંત્ર સાવ નિષ્ક્રિય રહ્યુ છે. આ સંદર્ભમાં વાસ્તવમાં એડવાન્સ પેટે કંપનીને કેટલી ચૂકવી, કંપનીએ કામ શરૂ કર્યુ કે કેમ, નથી કર્યુ તો શું કાર્યવાહી કરી વગેરે જેવા પ્રશ્નો અંગે સતાવાળા કશુ બોલવા તૈયાર નથી. ગૃહ સચિવ રાજકુમારે જણાવ્યુ કે, કામ શરૂ થયુ છે. કમિશનર બધુ સંભાળે તેનો સંપર્ક કરો. જ્યારે અમદાવાદના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ, સંયુક્ત પોલીસ કમિશનર અજયકુમાર ચૌધરીનો સંપર્ક સાધવાના પ્રયાસો કર્યા હતા પણ સાધી શકાયો નહોતો. એટલુ જ નહી, આ સંદર્ભમાં મેસેજ પણ અપાયા છતા તેઓએ જવાબ આપવાની તસ્દી લીધી નથી. કંપનીના વાઈસ પ્રેસિડેન્ટ કૃપા શંકર પણ કશુ બોલવા તૈયાર નથી.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૪-૧-૨૩)

## નિર્ભયા કાંડને ૧૦ વર્ષ, ફંડ ફાળવ્યાને ૪ વર્ષ અને ટેન્ડરને ૯ મહિના છતાં કામગીરી શૂન્ય

## અનેક લોકોનો ભોગ લેવાયા બાદ વ્યાજખોરો વિરૂધ્ધ મુહિમ

# જાયે તો જાએ કહાં...: વ્યાજખોરોને જ રાજકીય પીઠબળ : ઝૂંબેશ કે દેખાડો

અમદાવાદ,રવિવાર

ગુજરાતમાં વ્યાજનો ધંધો ફુલ્યોફાલ્યો છે. વિના લાયસન્સ ઉંચા વ્યાજે નાણાં આપીને લોકોને આત્મહત્યા કરવા મજબૂર કરતા વ્યાજખોરોને ખુદ રાજકીય નેતાઓનુ જ પીઠબળ છે જે જગજાહેર છે. વ્યાજખોરોના ત્રાસથી ગુજરાતમાં ઘણાંએ જીવ ખોયા છે. હવે સવાલ એછેકે, વ્યાજખોરો વિરુધ્ધ ફરિયાદ કરે કોણ? ફરિયાદ કરો તો વ્યાજે નાણાં લેનાર અને તેના પરિવારના જીવનુ જોખમ ઉભુ થાય તો કહેવુ કોને? આના કરતાં તો ન કહેવામાં જ શાણપણ છે. હવે ગૃહવિભાગે વ્યાજખોરો વિરુધ્ધ મુહિમ શરૂ કરી છે જે માત્ર રાજકીય દેખાડો જ પુરવાર થશે.

## વ્યાજખોરો વિરૂધ્ધ ફરિયાદ કરે કોણ... જીવનું જોખમ થાય તો કહેવું કોને... આમજનતાને ખાખી વર્દી પર ભરોસો જ નથી

સમગ્ર ગુજરાતમાં પોલીસની મીઠી નજર હેઠળ જ વ્યાજખોરોનુ નેટવર્ક ધમધમી રહ્યુ છે. ગુજરાતમાં કયા શહેરમાં કોણ નાણાંની ધીરધાર કરે છે તે અંગે પોલીસ બધુ જાણે છે. બેંકો લોન આપતી નથી તેના કારણે લોકો ઉંચા વ્યાજે નાણાં લેવા મજબૂર બને છે. ઉંચા વ્યાજે નાણાં ધીરી વ્યાજખોરો એવો ત્રાસ ગુજરે છેકે, નાણાં લેનાર આત્મહત્યા કરવા મજબૂર બને છે. જરૂરિયાતને જોતાં દાગીના મૂકીને નાણાં લેનાર એક આખો વર્ગ છે. અમદાવાદમાં ગીતામંદિર, જમાલપુર, દાણિલિમડા, માણેકચોક, નરોડા, નારોલ સહિતના વિસ્તારોમાં લાયસન્સ ધારક નાણાં ધીરનાર ઘણાં છે. બીજી તરફ, લાયસન્સ વિના વેપારી-બિલ્ડરોને ઉંચા વ્યાજે નાણાં આપનારા વ્યાજખોરો પણ બેરોકટોક વેપલો કરે છે. બેનંબરના નાણાં વ્યાજે ફેરવતા વ્યાજખોરોને રાજકીય પીઠબળ અને પોલીસ સાથે નાતો હોવાથી વ્યાજનો ધંધો ફુલ્યોફાલ્યો છે.

### નાણાં ન ચૂકવો તો કાર,મકાન-ફ્લેટ,પ્લોટ પડાવી લેવાય છે પોલીસની મીઠી નજર હેઠળ વ્યાજનો ધંધો ફૂલ્યો ફાલ્યો


જો વ્યાજે નાણાં લેનાર સમયસર હપ્તો ન આપે તો વ્યાજખોર રસ્તામાંથી કાર પડાવી લે. તક મળે તો મકાન, પ્લોટ,જમીન લખાવી લે, આવી ગુંડાગીરી કરતાં વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવે કોણ? જો પોલીસને જાણ કરે તો ઉલ્ટાનુ જોખમ થાય. ક્યાંક વ્યાજખોર ધાકધમકી આપવાનુ શરૂ કરે, પરિવારના કોઈ સભ્યને ઉપાડી જવાનો ખતરો ઉભો થાય. ક્યાંક જાનથી મારી નાંખવાનુ જોખમ થાય. આ સંજોગોમાં વ્યાજે નાણાં લેનાર વ્યાજખોર સામે માથુ ઉંચકી શકે તેવી સ્થિતીમાં હોતો નથી. હવે તો વ્યાજખોરો જ નહી, બેંકો પણ બાકી નાણાં વસૂલવા માથાભારે લોકો કામ સોંપે છે જે ધાક ધમકી આપીને હપ્તા વસૂલી કરતાં હોય છે. બીજી તરફ, ગૃહવિભાગે ભલે વ્યાજખોરો સામે મુહિમ શરૂ કરી છે

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૯-૧-૨૩)



પ્રજાસત્તાક દિન
પર્વ નિમિત્તે સૌને
શુભેચ્છાઓ
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month



# પૂજ્ય મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે શ્રધ્ધાસુમન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.